
# અર્હદ્યાત્મ

વર્ષ-૫
અંક-૯
જૂન-૧૯૮૪






પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી નર્મદા અસ્થિ વિસર્જન યાત્રા પ્રસંગે પૂ. શ્રીના અસ્થિકુંભ સાથે શ્રી જીતુભાઇ ગાંધીના ઘરમાંથી પ્રસ્થાન કરી રહ્યા છે.



નર્મદામાં મુરલીસંગમ ખાતે પૂ. શ્રીનાં અસ્થિ વિસર્જન કરતા પૂ. શ્રીના ભક્તો–પ્રો. ટી. જી. ભટ્ટ સુરત, શ્રી જે. વી. શાહ મુંબઈ, શ્રી જીતુભાઇ ગાંધી વડોદરા, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી, શ્રી નારાયણ ભાઇ જાની ભાવનગર, શ્રી બાબુભાઇ વોરા અમદાવાદ, શ્રી વિપુભાઇ જાની મુંબઇ, શ્રી ઉમિયાશંકર વ્યાસ રાજકોટ, શ્રી બાબુભાઇ મહેતા તથા અન્ય ભક્તો



પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં નર્મદામાં ઝુરતી સંગમ પાસે અસ્થિ વિસર્જન પ્રસંગે ઉપસ્થિત રહેલ તેઓશ્રીના ભક્તોનો વિશાળ જન સમુદાય.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૫ અંક : ૯ છૂટક નકલ ૩-૦૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.) અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર-૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| દેવતાનું સેવન | યોગેશ્વરજી | ૩ |
| ભૈરવીનું માર્ગદર્શન | નારાયણ હ. જાની | ૫ |
| પ. પૂ. યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિઓ | — | ૧૧ |
| નર્મદા મૈયામાં અસ્થિ વિસર્જન એક અનેરી ઘટના | જ્યોત્સના બી. ત્રિવેદી | ૩૪ |
| પ્રજાની ભૂલ | યોગેશ્વરજી | ૩૯ |
| જળ જમનાનાં | મુકુન્દ પારાશર્ય | ૪૦ |
| મારા દાદાજી—મહાકવિ ન્હાનાલાલ | જ્યોતિ જેરાજાણી | ૪૧ |
| સંતોનું બુકીંગ | વિદ્યાશંકર વ્યાસ | ૪૭ |
| કર્મયોગ | કિશોરભાઇ પંડયા | ૫૧ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૫૩ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૫૫ |
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ | | ૬૦ |
| "અધ્યાત્મ ચાલશે જ." | | ૬૨ |
| અભિનંદનના અધિકારી | | ૬૩ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ જૂન-૧૯૮૪ અંક : ૯


## દેવતાનું સેવન

એક સ્વાનુભવસંપન્ન સુપ્રસિદ્ધ ભક્તકવિએ કવિતાની પ્રખ્યાત પંક્તિમાં કહ્યું છે:

જીવતા નરને સેવો ઓ ભાઇ મારા
જીવતા દેવતાને સેવો.

સામાન્ય રીતે માનવ નિદ્રાધીન હોય છે. કેટલીકવાર જડ અથવા મૃતપ્રાય જેવો પણ જણાય છે. એને મોહની નિદ્રાએ ઘેરી લીધો અને સંમોહિત કર્યો હોવાથી સારાસારનું, નિત્યાનિત્યનું, સત્યાસત્યનું ભાન કે જ્ઞાન નથી હોતું. કોઈક વિરલ બડભાગી માનવો જ એ મોહનિદ્રામાંથી મુક્તિ મેળવીને જ્ઞાનના જ્યોતિર્મય જગતમાં જાગે છે. એ જીવનના રહસ્યને સાચા અર્થમાં સમજીને જીવવા અથવા એને આત્મસાત કરવાની કલ્યાણકારિણી કોશિશ કરતા હોય છે. નિત્યજાગ્રત બનીને જીવતા હોય છે.

એમને જીવતા નર તરીકે ઓળખવામાં આવે છે.

એમનું દર્શન સદાને માટે પ્રેરક બને છે અને સુખશાંતિપ્રદાયક ઠરે છે.

એમનું સંભાષણ તથા સાન્નિધ્ય જડતાને જલાવીને, મોહનિદ્રાને મટાડીને, અશાંતિનો અંત આણીને, નવજીવનના મંગલ

મંદિરમાં પ્રવેશ કરાવનારું થઇ પડે છે. એમની પેઠે જાગતા તથા જીવતા રહેવાનું પરિબળ પૂરું પાડે છે સૈકાઓથી સુતેલા નરને જગાડે છે, અંતરાત્માને અનુપ્રાણિત કરે છે, આલોકિત બનાવે છે.

એવા જીવતા, આત્મજાગ્રત, પૂર્ણ અને મુક્ત પરમાત્માપરાયણ પુરુષોને સેવવાનું મહત્ત્વ ઘણું મોટું છે. એમનો આશીર્વાદાત્મક અનુગ્રહ સદા અમોઘ બને છે.

આપણે તીર્થાટન કરીએ છીએ, દેવમંદિરોમાં જઈએ છીએ, યજ્ઞયાગાદિ, વ્રતતપઉપવાસજપ અને શાસ્ત્રાધ્યયનનો આધાર લઈએ છીએ, કથાઓને કહીએ તથા સુણીએ છીએ, તે બધું સારું છે. પરંતુ એ બધું આપણને આત્મિક જગતમાં જાગ્રત કરવા અને અનાદિ કાળની જડતામાંથી મુક્ત કરવા માટે છે એ વાતનું વિસ્મરણ ના થવું જોઈએ. એ સઘળાં સાધનોનો સમાશ્રય લઈને આપણે કોઈ સ્વાનુભવસંપન્ન જીવંત સત્પુરુષને સેવતા થઇએ અને સ્વાનુભવસંપન્ન સત્પુરુષ બનીએ એ આવશ્યક છે. એવી અપેક્ષા અસ્થાને નથી.

આપણા સમાજમાં દેવતાની ઉપાસના તથા સેવાની પ્રથા પ્રવર્તમાન છે પરંતુ એ દેવતાઓ જીવંત કે પ્રત્યક્ષ ભાગ્યે જ હોય છે. આપણા જીવનમાં પ્રેરણા પહોંચાડનારા ને પ્રેમ તથા પ્રકાશ પાથરનારા પ્રત્યક્ષ દેવોને આપણે ઓળખીએ અને આરાધીએ છીએ ખરા? એવા દેવતાઓમાં માતા-પિતા, પતિ-પત્ની, સન્મિત્ર કે સ્વજનનો, અને દીનદુઃખીઅશાંતભાવગ્રસ્તનો સમાવેશ કરી શકાય. એમની અંદર રહેલી દિવ્યતાને, આત્માની અલૌકિક આભાને ઓળખીને એમને આપણી રીતે ઉપયોગી થઇ શકીએ તો કેટલું સારું? એવી આરાધના આપણે માટે અને અન્યને માટે આશીર્વાદરૂપ બની જાય. એને લીધે આપણી અને એમની અંદર દબાયલી દિવ્યતા જાગીને સક્રિય થાય.

યોગેશ્વરજી



# ભૈરવીનું માર્ગદર્શન

નારાયણ હ. જાની

ચંદ્ર અને ગિરજાને પણ સાચી આધ્યાત્મિક સમજની પ્રાપ્તિ થઇ. શ્રી રામકૃષ્ણની પાસે દક્ષિણેશ્વરમાં કેટલોક સમય રહ્યા પછી તેઓના સાન્નિધ્યના પ્રતાપે એમનામાં જે ચમત્કારિક માનસિક શકિતઓ હતી તે આપોઆપ જતી રહી. પરિણામે તેઓમાં જે શકિતઓનું અહં અને ભૌતિક વાસનાઓ હતી તે પણ દૂર થઇ ગઇ. આથી તેઓ ફરી એક વાર આત્મસાક્ષાત્કારના માર્ગે પ્રગતિ કરવા લાગ્યા.

ભૈરવીની પહેલી સવારની મુલાકાતની વખતે જ રામકૃષ્ણદેવ તેમના ઓરડામાં તેમની પાસે બેસી ગયા અને તેઓને કેવા કેવા આધ્યાત્મિક અનુભવો થતા, તે વખતે કેવાં શારીરિક ચિહ્નો જણાતાં તેમજ તેમનું વર્તન કેવું થઇ જતું વગેરે ખૂબ વિગતે આત્મીયભાવે ભૈરવીને કહેવા લાગ્યા. આ બધાને લીધે એમની આસપાસ રહેતા કેટલાક લોકો કેવી નિંદા કરતા તો વળી બીજા કેવી ચિન્તા સેવતા વગેરે પણ કહ્યું. જાણે કે એમના અભિપ્રાયમાં તેઓ નિઃશંકપણે વિશ્વાસ ધરાવતા હોય એ રીતે પૂછ્યું. "હે મૈયા, આ બધું શું છે ને મને તે કેમ થાય છે? શું હું ખરેખર ગાંડો થઇ ગયો છું?

ભૈરવીએ એમની શંકા દૂર કરતાં કહ્યું. સામાન્ય દુન્યવી માણસો તમારી આ સ્થિતિ કેવી રીતે સમજી શકવાના? હું ખાત્રીપૂર્વક કહું છું કે શ્રી ચૈતન્ય મહાપ્રભુ તેમજ રાધિકાજીને પણ આ પ્રમાણે જ થતું. મારી પાસે અહીં જે પુસ્તકો છે, તેમાં આ પ્રમાણે જ લખ્યું છે. જુઓ, હું તમને તે વાંચી સંભળાવું......"

હૃદય આ જોઈ રહ્યો હતો. એને એ વાતનું ભારે આશ્ચર્ય થતું હતું કે તેના મામા અને આ અજાણી સ્ત્રી એટલા બધા નિકટ મિત્રના ભાવ તેમજ પ્રેમથી વાતો કરી રહ્યાં હતાં કે જાણે કોઈ સગાંઓ ઘણા વખત પછી એકબીજાને મળ્યાં ન હોય!

તે દિવસે પાછળથી ભૈરવીએ મંદિરના કોઠારમાંથી ચોખા અને લોટ લીધાં અને પંચવટીમાં જઈને રસોઇ કરી. ભૈરવી પોતાની સાથે ગળામાં ભગવાન રામની એક નાની મૂર્તિ રાખતાં તેને આ રસોઇમાંથી નૈવેદ્ય ધરાવ્યું ને તે ધરાવતાં ધરાવતાં તેઓ ધ્યાનમાં ડૂબી ગયાં ને તેઓને સમાધિ થઇ ગઈ.

આ પછી તરતજ જાણે કે કોઇ ગૂઢ આકર્ષણથી ખેંચાયેલ શ્રીરામકૃષ્ણ પોતે પંચવટીમાં આવી પહોંચ્યા હતા. તે વખતે તેઓ ભાવાવસ્થામાં હતા. પોતે શું કરે છે એના ભાન સિવાય જ એમણે ભગવાન શ્રીરામની આગળ જે નૈવેદ્ય ભૈરવીએ ધરાવવા મૂકેલ હતું તેમાંથી ઉપાડી ખાવા માંડ્યા. થોડીવાર પછી ભૈરવી અને તેઓ બન્નેને એમની આસપાસ પરિસ્થિતિનું ભાન આવ્યું ત્યારે પોતે શું કરી બેઠા તે જોઇ રામકૃષ્ણને ભય લાગ્યો. તેમને થયું કે ભૈરવીએ ધરાવેલ પ્રસાદને તેમણે સ્પર્શ કરીને ભ્રષ્ટ તો નથી કરી નાંખ્યો ને!

એમણે આશ્ચર્યપૂર્વક પૂછ્યું, "મા, હું આવું કેમ કરું છું! મારી જાત ઉપરનો હું મારો કાબૂ કેમ ગુમાવી બેસું છું! મને કંઈ સમજ પડતી નથી."

પરંતુ ભૈરવીએ શાંતિપૂર્વક કહ્યું, "તમે કંઇજ ખોટું કર્યું નથી. તમારામાં રહેલી જે પરમ શકિત છે તેણે જ તમારી



પાસે આમ કરાવ્યું છે, તેનું મને સમાધિમાં દર્શન થયું; અને મને હવે ખાત્રી થઈ કે હવે પછી મારે આવી ધાર્મિક વિધિ પૂર્વકની ભકિત કરવાની જરૂર નથી, કારણ કે મારી ભકિતનું ફળ મને આખરે પ્રભુએ આપી દીધું છે." આમ કહીને તેમણે ખૂબ પૂજ્યભાવપૂર્વક રામકૃષ્ણે ખાધેલા નૈવેદ્યમાંથી બચેલું, તેમાંથી પ્રસાદ માનીને ખાધું. તે પછી તેમણે પોતાની સાથે રાખેલી રામની પ્રતિમાને ગંગાના પવિત્ર જલમાં પધરાવી દીધી. એનું કારણ એ હતું કે હવે તેમને એમના આરાધ્ય જીવંત દેવનું દર્શન શ્રીરામકૃષ્ણના સ્વરૂપમાં થયું હતું એટલે એ પ્રતિમાની કોઇ ઉપયોગિતા રહી ન હતી.

આ પ્રમાણે, રામકૃષ્ણ અને ભૈરવી વચ્ચેનો સંબંધ દિન પ્રતિદિન ગાઢ થતો ગયો. તે પછીના થોડા દિવસો તો તેઓ જાણે અવિભાજ્ય હોય એમ સવારથી સાંજ સુધી ખૂબ આતુરતાપૂર્વક વાતો કર્યાં કરતાં. એકાદ અઠવાડિયા પછી રામકૃષ્ણને લાગવા માંડયું કે ભૈરવી મંદિરના કમ્પાઉન્ડમાં ખરેખર સૂવાનું ન રાખે તો સારું. નહિ તો લોકો એમના ચારિત્ર્ય વિષે ગમે તેવી વાતો કરવા લાગશે. એ નોંધવું જોઇએ કે લોકો પોતાના વિષે શું કહે છે એ બાબતમાં રામકૃષ્ણ તદ્દન બેપરવા હતા. પરંતુ બીજી વ્યકિત વિષે કંઇ ગેરસમજ ફેલાય તે બાબતમાં તેઓ ખૂબ સંવેદનશીલ હતા. આથી એમણે ભૈરવી સમક્ષ પોતાની ચિન્તાની લાગણી વ્યકત કરી. ભૈરવી તુરત જ સમજી ગયાં ને તેમની વાત સ્વીકારી. તેથી એવી ગોઠવણ કરવામાં આવી કે ભૈરવીએ નદીના ઉપરના ભાગમાં આવેલ દક્ષિણેશ્વર ગામમાં રહેવા જવું. અહીં એમણે નદીના સ્નાનઘાટ પાસેના એક ઓરડામાં પોતાનો

મુકામ કર્યો. અહીં તુરત જ ગ્રામવાસીઓ તેમને એક પવિત્ર ત્યાગી સ્ત્રીની જેમ પૂજ્યભાવથી જોવા લાગ્યા એટલું જ નહિ, પરંતુ તેમના ભોજન વગેરેનો પ્રબંધ પણ કરવા લાગ્યા. અહીંથી તેઓ દરરોજ રામકૃષ્ણ પાસે આવતાં. એમની પરસ્પર વચ્ચે માતા યશોદા અને બાલ ગોપાલના જેવો ભાવ હવે પ્રસ્થાપિત થવા લાગ્યો. આથી એમની અવસ્થા એકી સાથે એક ભકતની તેમજ પીઢ માર્ગદર્શકની બની રહી.

રામકૃષ્ણને આખા શરીરે ખૂબ દાહ થતો એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ દિવસોમાં પણ ફરી પાછો તીવ્ર દાહ થવા લાગ્યો. આ બળતરાનો પ્રારંભ દિવસ ઉગતાં થતો ને બપોર થતાં સુધીમાં તે ખૂબ અસહ્ય બની જતો. આ બળતરા શમાવવા માટે રામકૃષ્ણને પોતાની જાતને ગંગાના પાણીમાં બોળી રાખવી પડતી અને માથે ભીનો ટુવાલ સતત બેત્રણ કલાક સુધી વીંટાળી રાખવો પડતો.

પાણીમાં શરદી થવાના ભયે બહુ ડૂબી રહેવાને બદલે તેઓ કુઠીમાં જતા ને તેના બધા દરવાજા ને બારીબારણાં બંધ કરી દેતા. પછી તેની આરસની ફરસ પાણી વડે ભીની કરી, તેના ઉપર આળોટતા, જેથી શરીરમાંની બળતરા ઠંડી પડે.

રામકૃષ્ણના આ દર્દનો કોઈ ઇલાજ કોઈ દાકતરો જે એમની દવા કરતા તે કરી શકેલા નહિ. પરંતુ ભૈરવીએ પોતાની પાસેના ધર્મગ્રંથોમાં જોયું તો તેને માલૂમ પડયું કે રાધિકાજી તેમજ ચૈતન્ય મહાપ્રભુને પણ પ્રભુના વિરહમાં આવું જ થતું. આવા દર્દનો સરળ ઇલાજ શાસ્ત્રમાં એવો આપેલો છે કે ખૂબ શ્રદ્ધા ન હોય તો એ ઇલાજને ગંભીરતાપૂર્વક



ધ્યાનમાં લે જ નહિ. આમાં દર્દીએ સુવાસિત ફૂલોની માળા ગળામાં ધારણ કરવાની હોય છે ને આખા શરીરે ચંદનનો લેપ કરવાનો. રામકૃષ્ણે આ ઇલાજ કર્યો ને માત્ર ત્રણ દિવસમાં જ સાજા થઈ ગયા!

પરંતુ દક્ષિણેશ્વરના અશ્રદ્ધાળુ લોકો એવું માનતા કે આ તો માત્ર કેવળ એક અકસ્માત જ છે. ખરી રીતે તો દાક્તરોએ જે તેલ અંગે ઘસીને ચોળવા માટે આપેલું તેના પરિણામે જ આ દાહ કે બળતરા મટયાં છે!

રામકૃષ્ણના જીવનમાં કેટલીય વાર અસામાન્ય રાક્ષસી ભૂખ લાગવાની ઘટનાઓ પણ બનતી. આ વિષે એમણે પોતે જ કહ્યું છે: હું ગમે તેટલું ખાઉં તો પણ મારું પેટ ભરાતું નહિ. જેવો હું ખાઇ રહું કે મને ફરી પાછી ભૂખ લાગતી. હું ખાઉં કે ભૂખ્યો રહું પણ મને સરખી ભૂખ લાગતી. એ ન જોતી રાત કે ન જોતી દિવસ; એક સરખી રહ્યાં કરતી.

પરંતુ ભૈરવીએ ધીરજ આપતાં કહ્યું, 'બેટા તું ચિન્તા ન કરીશ. શાસ્ત્રોમાં એનો ઉલ્લેખ છે કે જેઓ ઈશ્વરની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરે છે, તેઓને આવી અવસ્થામાંથી પસાર થવું પડે છે. હું તને મટાડી દઇશ." તે પછી એમણે મથુરબાબુને એક ઓરડામાં બધા જ પ્રકારથી ખૂબ મિઠાઇઓ રાખવાની સૂચના આપી. તે પછી મને તે ઓરડામાં રહેવાનું કહ્યું અને રાતે કે દિવસે ગમે ત્યારે, જ્યારે ભૂખ લાગે ત્યારે ખુશીથી જેટલું ખાવું હોય તેટલું ખાવા જણાવ્યું. મેં એ પ્રમાણે કર્યું; અને મારા મનમાં આવે તેમ હરતાં ફરતાં મેં એ વિવિધ પ્રકારની મીઠાઇઓ ખાવા માંડી. આમ ત્રણ દિવસ કર્યું ત્યાં તો એ રાક્ષસી ભૂખ સદંતર મટી ગઇ."

(શ્રીક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

## સદ્‌ભાવભરી ભેટ

અધ્યાત્મને સાધક ભાઈબહેનો તરફથી સદ્‌ભાવભરી ભેટ મોકલવામાં આવતી રહે છે, તે સહુનો પ્રેમભાવ દર્શાવે છે. છેલ્લી મળેલી ભેટની વિગતો નીચે પ્રમાણે છે.

૨૦ પાઉન્ડ ને ૨૫ પેન્સ શ્રી ડી. ડી. સુથાર, સ્લોગ, ઈંગ્લેન્ડ પુત્રના લગ્ન પ્રસંગે.

રૂ.

૨૫૧. શ્રી વિનોદચંદ્ર રતિલાલ શાહ, ન્યુજર્સી અમેરિકા.

૧૦૧. ,, મોહનભાઈ ભક્ત, કપુરા, ચિ. સંજયકુમારના પરદેશગમન નિમિત્તે.

૫૧. શ્રીમતી લીલાબેન કાન્તિલાલ કાકા, વડોદરા તરફથી ભાઇ અમરિષના લગ્ન પ્રસંગે.

૨૧. શ્રી રમણબેન વૃંદાવનભાઇ તરફથી.

૫૧. ,, વિનુભાઇ છગનલાલ અમીન, વડોદરા તરફથી પુત્ર અતુલના લગ્ન પ્રસંગે

૧૦૧. પ. પૂ. શ્રીના ગંગામાં અસ્થિવિસર્જન યાત્રામાં જોડાયેલ સાધક ભાઈ બહેનો તરફથી.

૧૦૧. શ્રી સુરેશભાઇ બી. મિસ્ત્રી, સુ. સુપા કુરાલ તરફથી લગ્ન પ્રસંગે

૧૫ શ્રી સરોજબેન પી. ત્રિવેદી તરફથી લગ્ન પ્રસંગે.

આ ભેટોનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે. ભેટ મોકલનાર ભાઈબહેનોને અભિનંદન.



# પ. પૂ. યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિઓ

પ્રિય વાંચકો.

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પ્રસંગે ભારત તેમજ ભારત બહાર વસતા અનેક સાધક ભાઈ બહેનોના પત્રો પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ઉપર આવતા રહ્યા છે. આ બધા જ પત્રોને પૂ.શ્રીના સ્મૃતિ અંકમાં સમાવવાનું શકય ન હતું અને તે બધાને યથાર્થ રીતે સમાવવા હોય તો એવા જ બીજા બેત્રણ અંકો પ્રસિદ્ધ કરવા પડે.

એટલે આ પત્રોમાથી જેમાં સુંદર પ્રેરણાદાયી ભાવ ભકિત ને શ્રદ્ધા વ્યકત થતાં હોય, એવા થોડા થોડા પત્રો, આવતા અંકોમાં મૂકવાનું ઉચિત માન્યું છે, જેથી મોટે ભાગે પરદેશથી મોડા પહોંચેલા સંદેશાઓને યથોચિત ન્યાય આપી શકાય.

મોટા ભાગના બધા જ પત્રોમાં પ. પૂ માશ્રી સર્વેશ્વરીમાં સાધક ભાઇ બહેનોએ પોતાનો પ્રેમ, શ્રદ્ધા ને ભકિત વ્યકત કર્યાં છે. સંભવ છે કે કેવળ બુદ્ધિ કે તર્કથી વિચારતા માણસોને સાધકોના આ પ્રકારના ભાવ ન સમજાય અગર તો વધુ પડતા લાગે. પરંતુ કોઇપણ પ્રકારની ભકિતમાં ભાવ જ પ્રધાન હોય છે. જ્યાં સુધી ભકિતમાં ભાવ જાગતો નથી, ત્યાં સુધી તે ફળદાયી થતી નથી. ભકત શ્રી નરસિંહ, મીરાં કે શ્રી રામકૃષ્ણદેવના જીવનો એનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે.

તંત્રી

પ. પૂ. વ્હાલાં મા,

તમારી તબીયતની કાળજી રાખશો. પ્રભુ તમોને હંમેશ-

ને માટે તંદુરસ્તીપૂર્ણ લાંબુ આયુષ્ય આપે એવી અંતઃકરણ-પૂર્વકની પ્રાર્થના કરીએ છીએ. અમે હવે હંમેશને માટે તમારાં જ છીએ. અમને તમારે જ આગળ પ્રભુના માર્ગે દોરવાનાં છે અને અમો પણ દરેક કાર્યમાં આનંદપૂર્વક મદદ-રૂપ થવા તૈયાર છીએ. તમારે અમને ફક્ત જણાવવાનું જ રહેશે. માટે પૂ મા, તમે ખૂબ જ હિમ્મત રાખજો. પૂ. પ્રભુ માટે અમને જેટલો ભક્તિભાવ, ગુરુભાવ અને પ્રેમ હતો, તેટલો જ અને તેવો જ પ્રેમભાવ તમારા માટે છે.

કંચનબેન ભક્ત, સાન્ટા આના, અમેરિકા.

પ. પૂ. મા.

આ પત્ર લખતાં મને અત્યંત ખેદ થાય છે. કેવી પરિ-સ્થિતિમાં કેવી રીતે હું આ પત્ર લખી રહ્યો છું તે મારો આત્મા જ જાણે છે. હું મારી જાતને પણ સંભાળી શકતો નથી. ગીતાનું જ્ઞાન પણ મારા જેવા પાપી અને અજ્ઞાનીને સારી રીતે આ પરિસ્થિતમાં મદદરૂપ નથી બની શક્તું. અર્જુનને તો કેવળ ધનુષ્ય બાણ છોડી દીધાં હતાં, પરંતું હું તો સર્વ કાંઇ છોડી ચૂકયો છું. અધ્યાત્મ માસિકના પૂ. શ્રીના સ્મૃતિ-અંકના સમાચારે મારા ઉપર વજ્રઘાત કર્યો. ઘણા સમયે હું આ ઘટનાનો સ્વીકાર કરી શકયો.

પ. પૂ. મહાત્માજીનું આકસ્મિક લીલા સંવરણ (જે મારે માટે અકલ્પ્ય હતું) મારા જીવનના અંત સુધી મને શોકમગ્ન રાખશે.

પૂ. મહાત્માજીના બધા જ ભકતો તરફ હું સહાનુભૂતિ વ્યકત કરું છું.



તા. ૧૮મી માર્ચની રાત્રિએ વિશ્વના એક એવા પારસ-મણિને ખોયો છે કે જેણે વિશ્વના ઘણા લોખંડસમા માણસો-ને સોના જેવા શુદ્ધ બનાવ્યા છે. એ પારસમણિથી શુદ્ધ સોના જેવા બનેલા લોકો દુનિયાના અન્ય અધિકારી જીવોને પારસ-મણિ જેમ શુદ્ધ કાંચનસમા બનાવતા રહે—એજ પ્રભુને પ્રાર્થના.

વિદ્યાશંકર વ્યાસના
હિંદીપત્રનો ગુજરાતી અનુવાદ
સનાતન લોજ, થીઓસોફિકલ
સોસાયટી, સુરત, તા. ૨૭–૪–૮૪

*

## શ્રી યોગેશ્વરજીને સ્મરણાંજલિ

શ્રી યોગેશ્વરજીના જીવનના તથા એમની સાધનાના પરિચયથી આપણે સૌ જ્ઞાત છીએ. એમણે પોતાનું હૃદય પરમાત્માના રંગથી રંગેલું હતું અને મન તદ્દન ચોકખું કોરી સ્લેટ જેવું કરેલું હતું. એવા સંતના જવાથી ગુજરાતને એક વિદ્વાન, જ્ઞાની, ભક્ત, કવિ, લેખક ગુમાવ્યા છે. એઓશ્રી ગુજરાતીમાં પ્રવચન કરતા હતા એટલે જનતાના ખૂબ લોકપ્રિય સંત હતા. એમણે ગુજરાતીમાં કેટલું બધું આધ્યાત્મિક સાહિત્ય લખીને બહાર પાડયું છે કે જે દ્વારા એમણે મોટામાં મોટી માનવ સેવા કરી છે. એમનો દેહવિલય તો એક સ્વપ્ન બની ગયું. સનાતન લોજ થીઓસોફીકલ સોસાયટીના શતાબ્દિ ઉત્સવ નિમિત્તે સુરત પધારવા મેં એમને નવેમ્બરમાં આમંત્રણ આપ્યું હતું. તે એમણે સ્વીકાર્યું હતું અને તે નિમિત્તે તા. ૨જી એપ્રીલથી એમના પ્રવચનો બેસંટ હોલમાં થવાનાં હતાં. પરંતુ ઓચિંતા આ દુઃખદ સમાચારથી થોડી દીલગીરી થઇ કારણ અમારા ઉત્સવનો આરંભ અને વર્ષ આખરે પૂર્ણાહૂતિ એમના દ્વારા કરાવવાના

હતા કે જેથી જનતાને એમના જ્ઞાનનો સારો લાભ મળે. પરંતુ માણસ ધારે છે કંઇ અને બને છે કંઇ. આ એક સત્ય હકીકત છે એનો અફસોસ કરવો નકામો છે. એમનું અવસાન શા કારણથી થયું તે તો પરમાત્મા જ જાણે. અગાઉની માંદગી એવી ગંભીર હતી કે એમાંથી બચવાની કોઇને બિલકુલ આશા નહોતી. તે સમયે મહાત્માજી કહેતા કે મને કંઇ થવાનું નથી. હું સારો થવાનો છું. તે સમયે પરમાત્માએ એમનું સ્થૂળ ભૂમિકાનું કોઇ કાર્ય અધૂરું હશે તે પૂરું કરવાને માટે ટૂંક મુદતી આયુષ્ય આપી જીવતા રાખ્યા. હવે એ કાર્ય પૂરું થયું હશે એટલે એમને આપણી વચ્ચેથી લઇ લેવામાં આવ્યા. કદાચ સૂક્ષ્મ ભૂમિકા ઉપર પણ એમના જેવા જીવાત્માની જરૂરિયાત ઊભી થઈ હશે એટલે લઇ લીધા હશે.

મહાત્માને ગમે એવું કાર્ય કરતા રહો કે જેથી મહાત્માજી જેવું શાંત મૃત્યુ પામી શકાય. મહાત્માજીએ સાધના બહુ કઠિન કરી હતી અને સાક્ષાત્કારની ભૂમિકાએ પહોંચેલા હતા.

ખરેખર આ બનાવ કરુણ અને હૃદયદ્રાવક બની ગયો. મહાત્માજીના જવાથી જો કોઇએ વધુમાં વધુ ગુમાવ્યું હોય તો તે મા સર્વેશ્વરીએ કે જેમની મહાત્માજીએ જીવન પર્યંતની જવાબદારી લીધી હતી. અને એ જવાબદારીને ભરોસે માએ પોતાનું જીવન એમને સમર્પણ કર્યું હતું. તે જવાબદારી લેનાર અધવચ્ચે માને એકલાં મૂકીને ચાલી જાય! કેટલો બધો દિલ કંપાવનારો બનાવ એમને માટે બની ગયો! મા સર્વેશ્વરીનું શરીર કેટલું નાજુક છે! એમની ઉમ્મર કેટલી નાની છે. માંદગીમાંથી માંડ બચ્યા હતા. એમનામાં નિર્દોષતા કેટલી છે! જેઓ પરમાત્માના ગુણગાન ગાવા



સિવાય દુનિયાથી અલિપ્ત રહ્યાં છે તેમના પર આવો વજ્રઘાત પડે એ કઇ રીતે સહન કરી શકે એ સમજાતું નથી. આવી આકરી કસોટીમાં પરમાત્માએ એમને કેમ મૂક્યાં? એમાંથી પાર કેવી રીતે થવું આ મોટો પ્રશ્ન મા સમક્ષ ઊભો છે. એમની મુંઝવણનો પાર નહિ હોય કારણ એઓ ઉગતા સાધક છે. એમને પ્રથમ ગ્રાસે મક્ષિકાનો અનુભવ થયો. આ પ્રસંગ ઋણાનુબંધનો સમજી મા સર્વેશ્વરીએ હિમ્મત રાખીને આકરી કસોટીમાંથી પસાર થઇ મહાત્માજીના અધૂરાં કાર્યો પૂરાં કરી એમની જનસેવાની પ્રવૃત્તિને વિશ્વમાં વધારે ઉજ્જવળ બનાવવા તરફ લક્ષ આપવાની જરૂર છે. આ બનાવથી સદ્દગતનું તથા મા સર્વેશ્વરીનું, ઇશ્વરી યોજના જે માનવને મહામાનવ બનાવવાની છે તે મુજબ હિત જ થવાનું છે. કારણ પરમાત્મા સર્વનું કલ્યાણ કરનારો છે. આ કલ્યાણ થયેલું ભવિષ્યમાં જોઇ શકાશે. આટલું કહી છેલ્લે મહાત્માજીને તો શાંતિ મળવાની જ છે. પરંતુ મા સર્વેશ્વરીને પણ શાંતિ અને માર્ગદર્શન મળે એવી પરમાત્માને પ્રાર્થના કરી, સદ્દગતના આત્માને હૃદયપૂર્વકની ભાવભીની સ્મરણાંજલિ અર્પણ કરું છું. મહાત્માજીને હજારો વંદન.

અતિસુખલાલભાઇ શેઠ

*

## પ. પૂ. યોગેશ્વરજીને મોરબીની શ્રદ્ધાંજલિ

શ્રીશંકરઆશ્રમ, મચ્છુ માતાનો પાવનકારી તટ પ્રદેશ, અનેક સંતોની ચરણધૂલિથી પવિત્ર બનેલું શાંત અને સૌમ્ય સ્થાન.

એ જ પવિત્ર સ્થાનમાં પૂ. શ્રી યોગેશ્વરજીને શ્રદ્ધાંજલિ

આપવાનો એક સાદો છતાં વ્યવસ્થિત કાર્યક્રમ ગુરુવાર તા. ૨૨/૩/૮૪ની સાંજે રખાયો. વિશાળ સભા હોલ પૂ.શ્રીના ભકતોથી ભરચક હતો.

કાર્યક્રમની શરૂઆતમાં પૂ. વિજ્યાબેનની રાહબરી હેઠળ કન્યાશાળાની તદ્દન નાની બાળાઓએ મધુર સ્વરોમાં ગીતા પાઠ કરીને વાતાવરણની પવિત્રતામાં વૃદ્ધિ કરી. ત્યારબાદ ધ્યાનકેન્દ્રના અગ્રણી શ્રી કલોલાભાઈએ પૂ. શ્રીના જીવનનાં વિવિધ પાસાંઓ પર સમયોચિત પ્રકાશ ફેંકયો. પછી પૂ મા સર્વેશ્વરીના બે ભજનોની કૅસેટ સાંભળી. ત્યારબાદ કન્યાશાળાના પ્રિન્સિપાલ શ્રી રજબભાઈએ પૂ.શ્રીને અંજલિ આપતાં કહેલ કેઃ પૂ.શ્રી યોગેશ્વરજી એક અતિ ઉચ્ચ કોટિના સંત હતા. તેમનું કાર્ય તેમના વિશાળ શિષ્યસમુદાય દ્વારા પૂ. સર્વેશ્વરી માની રાહબરી હેઠળ ચાલુ જ રહેશે. ત્યારબાદ પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રવચનની એક કૅસેટ સાંભળી અને છેવટે અન્ય કેટલાક વકતાઓએ પૂ શ્રીને અંજલિ આપી, જેમાં મુખ્યત્વે દિવ્યજીવન સંઘનાં શ્રી ત્રિવેદીસાહેબ, સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીમાર્કંડભાઇ, ગિબ્સન સ્કૂલવાળા શ્રી મોહનભાઈ ચૌહાણ તથા અન્ય વકતાઓ હતા. આ કાર્યક્રમમાં બધા જ પંથ અને સંપ્રદાયના લોકો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓની હાજરી પૂ.શ્રીની ધાર્મિક સહિષ્ણુતાની ખાત્રી આપતી હતી. સહુ વકતાઓએ પૂ.શ્રીના જીવન અને કાર્યને બિરદાવેલ.

શ્રદ્ધાંજલિના કાર્યક્રમનું સમાપન કરતાં શ્રી હરિભાઇ ભોજાણીએ જાહેરાત કરેલ કેઃ પૂશ્રી તો મુકતાત્મા જ હતા. તેમને કોઇ બંધન હોતાં નથી છતાં તેમના સિદ્ધાંત મુજબ અને તેઓ જે કહેતા અને કરતા હતા તે મુજબ આપણે પણ



'તેર' દિવસ સુધી દરરોજ રાતે ૮થી૧૦ સુધી સમૂહ પ્રાર્થના, ગીતાપાઠ, શાંતિ અર્થે જપ તથા પૂ માના ભજન અને પૂ શ્રીના પ્રવચનની ટેપ વિ. નું આયોજન કરેલ છે તો દરરોજ પૂ.શ્રી પ્રત્યેની શ્રદ્ધા ભકિત વ્યકત કરવા અને ઋણ અદા કરવા સહુને હાજર રહેવા વિનંતિ છે;–અને ખરેખર તેર દિવસ સુધી નિયમિત રીતે રોજ રાત્રે ૮થી૧૦ ધાર્યા કરતાં પણ વધારે ભાઈ બહેનોને પૂ.શ્રી પ્રત્યે શ્રદ્ધા વ્યકત કરી હતી.

આ રીતે મોરબીએ પણ પૂ. શ્રીને અંજલિ અર્પી. આજ દિવસ સુધી પણ જે ભકતો મળે છે તે શોક પ્રદર્શિત કરતાં એક જ વાત કહે છે કે "પૂ. શ્રીનું કાર્ય ચાલુ રાખજો. પૂ. માતાજીને જરૂર બોલાવજો. અમને લાભ અપાવજો."

અંતમાં પોતાના તરફથી અંજલિ આપતાં શ્રી ભોજાણીએ કહ્યુંઃ પૂ. શ્રીને હું એક પળપણ વિસરી શકતો નથી, કારણ કે મારી પ્રત્યેક પ્રવૃત્તિઓ સાથે પૂ. શ્રીની સ્મૃતિઓ વણાઈ ગયેલી છે.

પૂ. શ્રીને સાચી શ્રદ્ધાંજલિ એમના આદેશો પ્રમાણેનું જીવન જીવવામાં રહેલી છે.

હરિભાઇ ભોજાણી

*

## શ્રી સુરેશભાઇ પરીખનો ટોરન્ટો-કેનેડાથી પત્ર

મારાં વહાલાં પરમ પૂજ્ય દિવ્ય દેવી જગદંબે સ્વરૂપ સર્વેશ્વરી મા,

આપના પરમ પવિત્ર પ્રેમાળ, શાંતિધામ સ્વરૂપ ચરણારવિંદોમાં સદાય રહેતા આપના દાસ સુરેશનાં સાષ્ટાંગ દંડવત પ્રણામ સ્વીકારશો.

પરમ કૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં મારા વહાલા પરમ પૂજ્ય શ્રી યોગેશ્વર સ્વરૂપે પૃથ્વી પર લીલા કરવા અને લોકોના કલ્યાણ અર્થે પ્રકટ થયા. પોતાના અનંત ઐશ્વર્યનો સમાજમાં ઉપયોગ કર્યા વગર એક સામાન્ય માનવ તરીકે દેશમાં અને પરદેશમાં ઘણી લીલાઓ કરી અને ઘણા લોકોને પ્રેમથી કૃપા વડે કલ્યાણના માર્ગે લઈ ગયા. તેઓશ્રી તો સર્વગુણસંપન્ન હતા. તેઓશ્રીના ગુણોનું વર્ણન કરવાને કોણ સમર્થ છે ?

મારા વહાલા પ્રભુશ્રી પોતાની લીલા સંકેલી લઈને બ્રહ્મલીન થયાના સમાચાર જાણી અહીંયાં બધા ભકતજનોને ખૂબ જ આઘાત લાગ્યો છે. મારા વહાલા પ્રભુશ્રી તેમજ 'મા' આપના અમેરિકા તથા કેનેડા આવવાની રાહમાં અમારા સર્વેના હૃદયમાં ખૂબ જ આનંદ હતો અને કયારે એ ધન્ય ઘડીએ આપનાં દર્શન કરી અમારા નેત્રોને પાવન કરીએ તેની જ રાહ જોતા હતા. પરંતુ વિધાતાને કદાચ આ સુખ પસંદ ન હતું. ખેર ! ઈશ્વરની કૃપા વગર ઈશ્વરની લીલાનો પાર કોણ પામી શકે ? ૧૯૮૧માં મારા વહાલા પ્રભુશ્રી તેમજ મા આપ ટોરન્ટો પધાર્યા હતા અને આપના વસવાટ દરમિયાન વહાલા પ્રભુશ્રીના ચરણ કમલોમાં બેસવાનો તેમજ સત્સંગનો જે લાભ મળ્યો હતો તે ખરેખર તેઓની અસીમ કૃપા જ હતી. સ્થૂળરૂપે તેઓશ્રી આપણી પાસે નથી, પણ સૂક્ષ્મ રૂપે સદાય સાથે જ છે. 'મા' આપે જ તો ગાયું છે કેઃ "કોઈ જુએ ના જુએ તેને કાયમ સંગાથ છે." સર્વના હૃદયમાં મારા વહાલા પ્રભુશ્રી જ બિરાજે છે.

મારા વહાલા પરમ પૂજ્ય શ્રી યોગેશ્વર પ્રભુના ચારુચરણારવિંદોમાં વારંવાર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરી એ જ પ્રાર્થના કરું છું કે તેઓશ્રીએ બતાવેલા આત્મકલ્યાણના



માર્ગે સર્વે ભકતજનો પ્રગતિના પંથે વધતા જ રહીએ એવી કૃપાનો વરસાદ વરસાવે અને સદાય સહાયક બને.

પરમકૃપાળુ પ્રભુશ્રીની કૃપાથી મા આપનું સ્વાસ્થ્ય ઘણું જ સારું હશે, અને સદાય સારું રહે એજ મારા અંતઃકરણની પ્રાર્થના છે. હા 'મા' આપ ખૂબજ હિંમત અને શાંતિ રાખજો કારણકે અમારા સર્વનો આધાર, અમારા સર્વની પ્રેરણા અને માર્ગદર્શક પણ આપ જ છો.

તેઓશ્રીનાં કાર્યોને આગળ વધારવા માટે 'મા' આપને પ્રભુશ્રી ખૂબજ શકિત અર્પે એ જ પ્રાર્થના છે.

આપ તો મા સ્વયં આદ્યશકિત સ્વરૂપે છો. આપનું પ્રાકટ્ય પણ પ્રભુશ્રીના કાર્યોમાં સહાય કરવા તથા તેઓશ્રીનાં કાર્યોને આગળ વધારવા માટે જ છે. અગ્નિ અને તેની દાહકતા બન્ને એક જ છે, અભિન્ન છે તેમ 'મા' આપ અને વહાલા પ્રભુશ્રી અભિન્ન છો. આપના ચરણ કમલોમાં વારંવાર કોટિ કોટિ દંડવત્ પ્રણામ કરું છું અને એ જ પ્રાર્થના કરું છું કે 'મા' આપને સદાય દિવ્યસ્વરૂપે જ નિહાળું અને આપમાં સદાય મારો ભકિત ભાવ જ રહે, એવી આપની કૃપાનો વરસાદ વરસાવજો. જાણતાં અજાણતાં મારાથી કંઈપણ ભૂલચૂક થઈ હોય તો બાળક સમજી ક્ષમા કરજો.

અમારા સર્વની આપના ચરણકમલોમાં નમ્ર પ્રાર્થના છે કે આપ આ વર્ષે ચોક્કસ અમેરિકા ને કેનેડા જરૂરથી પધારો. વહાલા પ્રભુશ્રીની લીલાની વાતો આપની મંગલમય વાણી વડે સાંભળવા બધા ભકતજનો ખૂબજ આતુરતાથી રાહ જોઈ રહ્યાં છીએ.

પૂજ્ય શ્રી નારણભાઇ જાની તથા પૂ. શ્રી જીતુભાઇ ગાંધી તેમજ યોગેશ્વર પરિવારના દરેક સભ્યોને પરમ પૂજ્ય યોગેશ્વર પ્રભુ શક્તિ અને શાંતિ આપે એ જ પ્રાર્થના છે.

પત્રમાં કંઇપણ અવિવેક કે ભૂલચૂક થઇ હોય અથવા કંઇ પણ અતિશયોકિત જેવું લાગ્યું હોય તો બાળક સમજી ક્ષમા આપજો. મેં તો પ્રભુશ્રીની ઇચ્છાથી મનમાં જે વિચારો આવ્યા છે તે જ લખવાના પ્રયત્નો કર્યા છે. સર્વ શુભ પ્રાર્થનાઓ સહિત.

*

## ટોરન્ટો–કેનેડાથી શ્રી સુરેશભાઇ શાહ વિમળાબેન શાહ તથા વિકાસ શાહના પત્રો

પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય પૂજ્ય 'મા'!

પત્રનો પ્રારંભ કેવો વિચિત્ર! પૂ શ્રીનું સંબોધન ગયું, ઉદ્દબોધન ગયું, રહી ગઇ સ્મૃતિઓ, કેવળ સ્મરણો અને વધુ લખું તો મૂક પ્રેમભાવ. જીવનમાં જેની કલ્પના ન હતી, હૃદય જે માનવા તૈયાર નથી, મન અને શરીર જેના વિના ક્ષુબ્ધ અને હતાશ થઇ ગયાં છે તેવો હું આંખમાં આંસુ અને હૃદયમાં અપાર વ્યથા અને ગ્લાનિ સાથે 'મા' ને લખવા બેઠો છું. પણ શું લખું ? કેવી રીતે વર્ણન કરું ? શા માટે લખું અને કયા મ્હોંએ લખું કે મેં મારા સ્વજન, આપ્તજન, પિતા, ગુરુ અને સરળ હૃદયી, અતિ પ્રેમાળ, હૃદયની વાતો જાણનાર, સુખદુઃખના સાથી અને શિરછત્ર સમા આધ્યાત્મિક યુગપુરુષ ગુમાવ્યા છે. ઇ. સ. ૧૯૪૮થી પરિચયમાં આવ્યા પછી જીવનમાં એકપણ પ્રસંગ એવો નથી બન્યો કે જેના પૂજ્યશ્રી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાક્ષી ના



બન્યા હોય! સરોડા, સાબરમતી અને છેવટે કેનેડામાં એકવાર નહીં—૧૯૭૮માં 'મા' જ્યોતિર્મયી સાથે અને ૧૯૮૧ માં 'મા' સર્વેશ્વરી સાથે એમ બે વાર સાથે રહેવાનો લાભ મળ્યો અને ૧૯૮૪માં મને રાહ જોતો મૂકીને બ્રહ્મલીન થઈ ગયા.

પૃથ્વીનો પત્ર લઉં, સમુદ્રની શાહી બનાવું અને સમસ્ત વિશ્વની કલમો ભેગી કરું તો પણ જેના ગુણનું વર્ણન કરી ના શકું તેવા ગુરુદેવની કઈ કલ્પના અને કઈ શકિતથી વર્ણન કરું! સિંધુ આગળ બિંદુની શી વિસાત! પોતે બ્રહ્મસ્વરૂપ હતા અને મા જગદંબાની ઇચ્છા પ્રમાણે બ્રહ્મમાં જ મળી ગયા. પૂ શ્રીના પોતાનાજ શબ્દોમાં જણાવીએ તો "જીવ જ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો ગયો છે" માટે શોક નથી. પણ મનમાં દુઃખ એક જ વસ્તુનું છે કે પૂ.શ્રીનાં અંતિમ દર્શન ના થઇ શકયાં ? ભારતમાં વસતા હોત તો ગમે તે રીતે આવી જાત.

પૂ.'મા' ને નમ્રાતિનમ્ર વિનંતી છે કે તમે શરીરને સાચવશો. હવે તો યોગેશ્વર પરિવારની મીટ તમારી ઉપર મંડાયેલી છે. પિતા અને મા નો બેવડો પ્રેમ તમારી પાસેથી મેળવવાનો છે–મારામાં લાયકાત નથી તેમ છતાં તમે પ્રેમાળ છો તેથી પ્રેમ જરૂર રાખશો. મારી ક્ષતિઓને, ભૂલોને કે સ્વાર્થીપણાને ભુલી જજો–'મા' હું તથા વિમળા, વિકાસ, સ્મૃતિ અને સમસ્ત ટોરન્ટો ધ્યાનકેન્દ્રના ભાઇ બહેનો આ પત્ર દ્વારા તમને કેનેડા આવીને રહેવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. મારે મન પૂ.શ્રીમાં અને મામાં કોઇ ભેદભાવ નથી. તમને હું તેટલા જ પ્રેમથી, સ્નેહથી આદરથી અને અનુગ્રહથી ચાહું છું જેટલો હું પૂ શ્રીને ચાહતો હતો.

'મા' ઈશ્વરને અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરું છું કે મા જગદંબા આપણને સૌને પૂ.શ્રીનાં શરૂ કરેલાં કાર્યો ચાલુ રાખવાની અને સારી રીતે સંપૂર્ણ કરવાની શકિત પ્રદાન કરે. રવિવાર તા. ૨૫/૩ના રોજ ટોરન્ટો ધ્યાનકેન્દ્રના ભાઈ-બહેનોએ ટોરન્ટોમાં પુજ્યશ્રીને પ્રેમાંજલિ, પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ૧૦ મિનિટ મૌન, પ્રાર્થના, આરતી અને સરળ ગીતાના અઢાર અધ્યાયનું વાચન કર્યું હતું. સાધક ભાઈ બહેનો માને છે કે પૂ.શ્રી શારીરિક રીતે ભલે આપણને છોડી ગયા પણ આત્માથી આપણને પ્રેરણા આપતા રહેશે.

મા તમારા બંને પત્રો મળ્યા છે-વિનોદભાઈ દ્વારા જાણ્યું હતું કે ટીકીટો અને સ્પોન્સરશીપના લેટરો મળી ગયા છે—એટલે કેનેડા માટેની તૈયારીઓ મનમાં વિચારી રહ્યો હતો-શિબિર, ટી. વી. પ્રોગ્રામ, રેડિયો પ્રોગ્રામ, ભજનો, પ્રવચનો, પર્યટન, મુસાફરી વિગેરે વિગેરે... પણ કહેવત છે તે પ્રમાણે Man Proposes and God disposes. વધુ શું લખું ?

-સુરેશ

પ. પૂ. મા,

પ. પૂ. શ્રીના સમાચાર જાણ્યા. જાણી ઘણું જ દુઃખ થયું. પ. પૂ.શ્રી તો હૈયામાંથી જરા પણ વિસરાતા નથી. આવું બને જ કેમ ? આ કેમ આવું બન્યું વિગેરે વિગેરે વિચારો મનની અંદર આવ્યા કરે છે. પ.પૂ.શ્રીની આપણને ઘણી જ ખોટ પડી ગઈ. અમે નો તમારા બન્નેની આવવાની રાહ જોતા હતા અને દિવસો ગણ્યા કરતાં હતાં. અમારી ભગવાને ઇચ્છા પૂરી ના કરી. ૧૯૮૧ની યાદ તાજી થાય છે. 'વિસુબેન સાલમુબારક' તે શબ્દો મારા કાનમાં હજી સંભળાય છે. મને તો, પૂ.શ્રીના સમાચાર જાણ્યા છે, ત્યારથી ઘરમાં કંઈ ગમતું નથી. કરવા ખાતર કામો કર્યાં કરીએ છીએ. પૂ. મા ને માલૂમ થાય કે શરીર સાચવશો. પૂ.શ્રીના અધૂરાં રહેલાં કાર્યો પૂરાં પાડવાની ભગવાન તમને શકિત આપે તેવી પ્રાર્થના કરું છું. આ પ્રસંગે તમારી સાથે રહેવું જોઈએ પણ પરદેશમાં વસ્યા છીએ તેથી દુઃખ ઘણું જ થાય છે.



પૂ. માને માલૂમ થાય કે તમો વડોદરા આવશો ત્યારે તમારી સાથે ફોનથી વાત કરીશું. વિકાસ, સ્મૃતિ, યાદ લખાવે છે. બસ, પૂ.મા આવજો, શરીર સાચવશો. વધારે શું લખું ? કંઈ સમજણ પડતી નથી.

લિ. વિસુના હરિઃ ૐ

પ. પૂજ્ય મા,

પ. પૂજ્યશ્રીના દુઃખદ સમાચાર જાણ્યા. મન તો માનતું જ નથી અને માનશે પણ નહિ કારણકે મારા હૃદયમાં પ્રભુ તો હજુ પણ જીવે છે. માણસનું મોત ક્યારે થાય ? જ્યારે માણસ હૃદયમાંથી નીકળી જાય. યોગેશ્વર પ્રભુએ મને માર્ગદર્શન આપ્યું હતું અને હજુ પણ આપશે, એટલે પ્રભુ યોગેશ્વરજી મારા માટે તો જીવે છે જે કોઈ એમને અંતરથી પૂજે છે તેમને માટે તો એ સદાય જીવશે આપણે એમને ગુરુદેવ તરીકે પોકારતા હતા કારણ કે એ દેવોના દેવ હતા. મારા માટે તો એ શ્રીનાથજી, કૃષ્ણ, રામ વિગેરે હતા અને રહેશે.

લિ. વિકાસ

❋

# The Surat Hindu Association

"Her Holiness Mata Saraweshwari"

Special Tribute to Mahatma Yogeshwarji

. We, the officials and Members of the SURAT HINDU ASSOCIATION, together with our JOINT Affiliated ( subsidiary ) Bodies namely:-

The Surat Hindu Educational Society;
The Sant Punit Seva Sangh;
The Surat Arya Bhajan Mandal;
The Mahatma Yogeshwar Dhyan Kendra &
The Swami Amritanda Yoga School.

have learnt with profound sorrow the sad passing of His Holiness MAHATMA YOGE-SHWARJI.

No doubt His untimely Maha-Samadhi removes from our midst a Divine and Dynamic personality, making our Spiritual world much poorer. An Erudite Scholar-talented in Vedic knowledge and Scripitures-our learned Mahatma, towards the length and breadth of his Spiritual Life, played a very significant role in upholding the concepts of Hinduism in no small a measure, giving tangible evidence of his writings, lectures, scriptures and philosophy towards the upliftment of ALL MANKIND.



By his faithful dedication and devotion to duties we bring to hand by taking cognisance of the tremendous sacrifice He has made to bring to our people, young and old, the universal truths of the Hindu Religion. His painstaking iniative in the consolidation of our Gujarati Literature and Language is worthy of the highest praise. His mission to this country backed by a series of inspiring talks and lectures will remain indelibly imprinted in our winds for many years to come.

His religious objectives have fulfilled the motives for which they were designed-adding spiritual lustre wherever MAHATMAJI went.

We wish to say, with all the emphasis at our commands, that his mission to our country, South Africa, together with Mata Sarweshwari, was crowned with success.

We will remember Mahatma Yogeshwarji in our hearts for his Dynamism in spreading His Divine Knowledge filled with the Nectar of Divine Love, Compassion and Mercy.

Sauve, persuasive and deeply introspective, our Mahatmaji was a father figure to all who sought his counsel and guidance for no Man was truer to His LIFE'S Mission.

In Him the Surat Hindu Association and its Affiliated Bodies have lost a wise and Trusted friend, A Champion of our Language and Literature and a Spiritual Guide of Great Inspiration.

Let us all get together in prayer, asking PARAMATMA IN HIS MERCY TO GRANT "HIS HOLINESS" eternal peace…………

'Aum Shanti, Shanti, Shanti.'

*

# સત્યપથનો સત્સંગ

બાબુભાઈ વોરા

કોઈપણ સાચા સંત પુરુષની ઉપસ્થિતિનું પ્રધાન લક્ષણ સત્સંગ છે. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની બપોરની કે સાંજની બેઠકોમાં ગમે ત્યાં જાઓ તો સત્સંગનો જ કાર્યક્રમ ચાલતો હોય.

પૂ.શ્રીના ૧૮મી માર્ચના રોજ ભૌતિક દેહ-વિલય પછી સત્યપથમાં પપૂ.માશ્રી સર્વેશ્વરીએ પણ સત્સંગની એ જ પરંપરા ચાલુ રાખી.

શરૂઆતમાં તેર દિવસ દરરોજ સાંજે સત્યપથના બહારના ભાગમાં ગીતાપાઠ, પૂ.શ્રીનાં ટેપ પ્રવચનો અને ધ્યાનનો કાર્યક્રમ ચાલતો રહ્યો. પૂ.શ્રી આ સમયે જાણે સત્સંગની એ બેઠકોમાં સૂક્ષ્મ સ્વરૂપે હાજરી આપતા હોય તેમ તેની પ્રતીતિરૂપે અવારનવાર આ બેઠકોમાં સુગંધી ચંદનના છાંટા થતા. અનેક સાધકોએ આ પ્રત્યક્ષ જોયું છે. એટલું જ નહિ. પરંતુ આવા ચંદનના છાંટા લાદી ઉપર સૂકાઈ જાય ત્યારે તેમને ધીરેથી ઉખેડીને સાધકો પોતાની સાથે બીજાઓને એનાં દર્શન કરાવવા લઈ જતા. સાંજની આ બેઠકમાં સરેરાશ પચાસથી સાઈઠ ભાઈબહેનો નિયમિત હાજરી આપતાં ત્યારે વાતાવરણ ખૂબ પવિત્ર ને શાંત બની રહેતું.



તે પછીની બેઠકો સત્યપથના પૂ.શ્રીના નિવાસમાં બપોરે ને સાંજે એમ બે વાર થતી. બપોરની બેઠકમાં ગીતાના ૧૨મા અને ૧૫મા અધ્યાયોનું પારાયણ કરવામાં આવતું. તે ઉપરાંત, સાધક બહેનો ભજનો પણ ગાતી.

સાંજે પૂ.શ્રીના પુસ્તકોમાંથી પ્રેરણાત્મક પ્રસંગોનું વાંચન અને ગીતાપાઠ પણ થતાં; તે ઉપરાંત, દરરોજ ત્રણચાર સાધક ભાઈબહેનો પૂ.શ્રી યોગેશ્વરજીના પરિચયમાં ક્યારે આવ્યા અને તેઓશ્રી પાસેથી શું શીખ્યા, તે વાતો પોતપોતાની રીતે કહેતાં. એ સાંભળીને થતું કે એ મહાપુરુષે કેટકેટલા માણસોના જીવનમાં આત્મોન્નતિની ભાવના જગાવી, તેમને પ્રભુના માર્ગે વાળ્યા છે! આજે એ બધાંજ સાધક ભાઈબહેનો પ.પૂ.માશ્રી સર્વેશ્વરીમાં પોતાનું આશ્વાસન ને સહારો પામ્યાં છે. ને એમને એવા જ પૂજ્ય ને પવિત્ર દૃષ્ટિ ભાવથી નિહાળી વંદે છે.

સત્સંગની સોમવારની બેઠકમાં શિવ મહિમ્ન સ્તોત્ર, તો ગુરુવારે સાઈબાબાની પૂ.શ્રીએ રચેલી સ્તુતિ ને આરતી અવશ્ય ગવાતાં. આમ પૂ.શ્રીના વખતની સત્સંગની એ જ પુનિત ગંગા સત્યપથના ઓવારેથી અસ્ખલિત વહેતી દેખાઈ.

આ બેઠકોમાં કદીક કદી પૂ.શ્રીના જીવનના નાના મોટા પ્રેરણાત્મક પ્રસંગો વિષે પૂ.શ્રી સર્વેશ્વરીમા વાર્તાલાપ આપતાં; ત્યારે વાતાવરણ ખૂબ ભાવપૂર્ણ બની રહેતું. પૂ.માની પૂ.શ્રી

પ્રત્યેની ભક્તિ, નિષ્ઠા ને શ્રદ્ધાનું અપૂર્વ દર્શન ત્યારે થતું. તેઓ જાણે ગુરુ પ્રત્યેના શ્રદ્ધા-ભક્તિભાવના જીવંત પ્રતીક-સમાં ભાસતાં.

વડોદરાના ધીરજબાગના સત્સંગમાં પણ પૂ.માએ સત્સંગની આજ પરંપરા જાળવી રાખી છે એટલું જ નહિ પણ સાધકોના નાના મોટા પ્રશ્નોમાં પૂ.શ્રીના જેવો જ દૃષ્ટિકોણ દર્શાવી માર્ગદર્શન આપતાં રહ્યાં છે.

પૂ.મા કહે છે કે જીવનમાં તમે ગમે ત્યાં વસતા હો, પણ સત્સંગ સદા કરતા રહેજો. એમાં બીજાઓ જોડાય કે ન જોડાય પરંતુ તમે એકલા પણ, ગીતાપાઠ, ધ્યાન, પ્રાર્થના, જપ, ભજન, ધૂન કે સદ્ગ્રંથોનું વાચન અવશ્ય કરતા રહેશો તો આજના ત્રિવિધ તાપમાંથી પ્રભુ તમારી રક્ષા કરશે.

*

## 'પુણ્ય પ્રવાસ'

### પુસ્તક સમીક્ષા

પ.પૂ. માશ્રી સર્વેશ્વરીનું–દક્ષિણ આફ્રિકાનો 'પુણ્ય પ્રવાસ' –પૂ.શ્રી યોગેશ્વરજીના સાન્નિધ્યમાં–નામનું પુસ્તક હમણાં જ પ્રસિધ્ધ થયું છે.

૩૫૦ પાનાં ઉપરનું આ સુંદર પુસ્તક મહાત્માશ્રી યોગેશ્વરજી સંસ્થાપિત ધ્યાન કેન્દ્રો ઉપરથી રૂા. ૨૦ માં મળી શકે છે (પુસ્તકની મૂળ કિમ્મત રૂા. ૨૫ છે) તે શ્રી જીતુભાઇ ગાંધી, ૫૫/૧, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૫ ને લખવાથી પણ મળી શકશે.

આ એક અનોખી ઢબનું નોંધપોથીરૂપે લખાયેલું પુસ્તક છે. એમાં દક્ષિણ આફ્રિકાના પ્રવાસના ૧૨૫ દિવસની નોંધો



છે. પૂ.માશ્રી સર્વેશ્વરીએ એક આદર્શ સમીક્ષકના ભાવથી પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનું જે દૈનિક જીવન જોયું તેનું તટસ્થભાવે નિરૂપણ કર્યું છે એમાં દક્ષિણ આફ્રિકામાં વસતા લોકોની આધ્યાત્મિક જિજ્ઞાસા દેખાય છે તો ત્યાંની ધાર્મિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાના પરિચયો મળી રહે છે.

આ પ્રવાસમાં વિવિધ શહેરોનાં ને ત્યાંના વ્યક્તિ વિશેષોના પરિચય–રેખાચિત્રો પણ સુંદર આલેખન પામ્યાં છે. આખું પુસ્તક એક બેઠકે વાંચવું ગમે એવી પ્રવાહી રસાળ શૈલીમાં લખાયેલુ છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ગદ્ય લેખન-ની પ્રૌઢતા એમાં પ્રતિબિંબિત થઈ છે. આબાલવૃદ્ધ સહુને વાંચવું ગમે એવું આ પુસ્તક વસાવવા જેવું છે.

**હરિભાઇ ભોજાણી**

*

## કળીયુગમાં શું આ સંભવી શકે!

### સર્વેશ્વરી પદરેણુ

પ. પૂ. મહાત્માશ્રીએ પોતાના ઈહતનુની લીલા તા. ૧૮/૩/૮૪ની રાતે સંકેલી લીધી.

સર્વ સાધકો માટે એ અકલ્પ્ય ને આઘાતદાયક ઘટના હતી. સર્વના દિલો આ વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર ન હતાં. "અમારી હૈયાતીમાં પૂ.શ્રી જવાના નથી જ. એવી એક ભાવના કે માન્યતા સહુ સાધકોના મનમાં દૃઢ થઇ ગયેલી.

પરંતુ ઘણીવાર વાસ્તવિકતા કલ્પના કરતાંય કઠોર હોય છે, એ આનું નામ.

પૂ.મા શ્રી સર્વેશ્વરી માટે તો પૂ.શ્રી જીવનનું સર્વસ્વ હતા, કહો કે પોતાના જીવન કરતાં પણ વધારે હતા. એ આવો કઠોર આઘાત કેવી રીતે સહન કરી શકશે ? એ સહુ કોઈની સમસ્યા હતી.

પરંતુ પૂ.મા ખૂબ સ્વસ્થ રહ્યાં. તેઓ પૂ.શ્રીની પાસે બેસી અખંડ પ્રાર્થના કરતાં રહ્યાં. તેઓશ્રીના અગ્નિ સંસ્કારના ૪૦ કલાક સુધી એમણે પાણીનું ટીપુંય લીધું નહિ. કે આંખનું મટકુંય માર્યું નહિ.

પણ આ વાત આટલેથી પતી નહિ.

બીજા સાધકો કે સંબંધીઓ તો પોતાના રોજિંદા જીવન વ્યવહારમાં ધીમે ધીમે ગોઠવાઈ ગયા. જો કે પૂ.શ્રીના સ્મૃતિ એમના જીવનમાં ભૂલાઇ ગઇ હતી, એમ તો ન કહેવાય. પરંતુ પૂ.મા શ્રી સર્વેશ્વરીની વાત જુદી હતી–અનોખી હતી.

એમણે પૂ.શ્રીના પાર્થિવતનુ સાથે અન્નનો ત્યાગ કર્યો : મનમાં સંકલ્પ કર્યો કે પૂ.શ્રીની જ્યાં સુધી અનુભૂતિ ન થાય ત્યાં સુધી ફરી અન્ન ન લેવું. આ કોઈ હઠાગ્રહ ન હતો પરંતુ એક સાત્વિક સાધકના મનમાં સહજ ભાવે ઊઠતી તીવ્રતમ ઝંખના હતી.

પૂ.મા જ્યારથી સાથે રહેવા આવ્યાં ત્યારથી દરરોજ પૂ.શ્રી પોતે એમને પીરસતા તે પછી જ જમતા. પૂ.શ્રીની એ અનુભૂતિ હતી કે પૂ.મા પોતે જગદંબા સ્વરૂપે છે, ભલે એમનું પાર્થિવ તનુ–નાનુ નાજુક કે નબળું લાગતું હોય."

એમની એ ભાવના પ્રમાણેનું જીવન પૂ.શ્રી જિંદગીના અંત સુધી જીવ્યા. તા. ૧૮ માર્ચના રોજ સાંજે શ્રી બાબુભાઈ મહેતાને ત્યાં કાંદીવલીમાં પ્રેમાગ્રહને વશ થઈ,



છેલ્લી વાર પૂ.માને જમાડીને જમ્યા. બસ પૂ.શ્રી માટે અને પૂ.મા માટે હાલ પૂરતું તો આ છેલ્લું ભોજન બની ગયું !

પૂ.શ્રીના લીલા સંવરણ પ્રસંગને આજે (તા. ૧–૫–૮૪ના રોજ) ૭૨ દિવસ થયા છે. પૂ.માએ તે પછી અન્નનો એક દાણો પણ મોંમાં મૂક્યો નથી. એટલુંજ નહિ પણ તેમાંના મોટાભાગના ઉપવાસો કેવળ પાણી ઉપર કરતાં રહ્યાં છે. વચ્ચે કદીક થોડું દૂધ કે છાસ લેતાં, તો કદીક કાકડીના કે ફળના ટુકડા લેતાં–તે પણ ખૂબ જ અલ્પ પ્રમાણમાં. ઉનાળાની આ અસહ્ય ગરમીમાં પાણી પણ દિવસમાં બે વાર જ લે. વળી તા. ૨૬–૨૭–મેના રોજ ૪૮ કલાક સુધી એમણે પાણીનો પણ ત્યાગ કરી દીધો ! દિવસ અને રાત કેવળ એક જ ઝંખના– પ્રભુ દર્શન આપો, મારો સ્વીકાર કરો ને મને સમાવી લો."

દિવસના અનેક કલાકો કેવળ મૌનભાવે, ગદ્‌ગદિત હૃદયે, પૂ.શ્રીને એ જ પ્રાર્થના ચાલ્યા કરે. પ્રાર્થના કરતાં થાકે એટલે જપ કરે ને જપ અટકે એટલે પ્રાર્થના ચાલે.

આ ઉપવાસો દરમ્યાન પોતાની સાધના સાથે સાથે, પોતાની પોતાના ઇષ્ટ ને ગુરુ પ્રત્યેની ફરજ પણ પૂ.મા ખૂબ સજાગપણે બજાવતાં રહ્યાં. એમણે નર્મદાનો, તેમજ હરદ્વાર, ઋષિકેશ ને દેવપ્રયાગનો કષ્ટદાયક પ્રવાસ, અસ્થિવિસર્જન નિમિત્તે ખેડયો. ગુરુ પ્રત્યેનું ઋણ એમણે અદ્‌ભુત રીતે અદા કર્યું.

એમની આવી સાધનાના પરિણામે પૂ.શ્રીના અનેક અનુભવો એમને થયા છે ને હજી થતા રહે છે. પરંતુ એમનો એક જ પોકાર છે 'પ્રભુ મને સ્વીકારી લો, સમાવી લો.'

પૂ.શ્રીના સાધના–કાળ દરમ્યાન 'મા જગદંબાના દર્શન માટે ખૂબ આર્દ્રભાવે, અશ્રુધારાઓ સહિત કલાકો સુધી

પ્રાર્થના કરતા મેં જોયેલા. જાણે હવે એજ ઇતિહાસનું પુનરાવર્તન થઇ રહ્યું છે. પૂ. જગદંબા સ્વરૂપ મા, પૂ શ્રીના દર્શન માટે ભાવવિભોર બનીને, અશ્રુપ્રવાહો સાથે પૂજ્યશ્રીને આર્તસ્વરે એવી જ રીતે પોકારી રહ્યાં છે! કેવું સામ્ય!

આવા કઠોર ઉપવાસો છતાં, પૂ. માની સાધના તો એક ધારી ચાલતી રહી છે. સત્સંગની સાંજની બેઠકોમાં પણ 'મા' નિયમિત હાજરી આપે છે ને કદીક ધૂન બોલાવે છે.

તા. ૬ ઠ્ઠી મેના દિવસે એમણે અખંડ છ કલાકની ધૂન બોલાવી. એ દિલના ઊંડાણમાંથી આવતો એકધારો પોકાર સતત છ કલાક સુધી ચાલ્યો. એ દરમ્યાન મા એકવાર પણ ઊઠયાં નહિ એટલું જ નહિ પરંતુ એમણે એમના પગ પણ બદલ્યા નહિ. શરીરનું ભાન ભૂલીને એકધારી એ ધૂનની મસ્તીમાં પોતાના પગો ઉપર એ એવા જોરથી તાલ આપતાં કે ધૂનના અંતે પગના એ ભાગો પર લોહીમાં લીલામણ બંધાઇ ગયાં! કેવો અદ્ભૂત ભાવ ને કેવી તન્મયતા!

આજના કપરા સમયમાં આવી કઠોરતમ સાધના શું શકય છે? દિવસો સુધી કેવળ પાણી ઉપર જીવનનું ટકી રહેવું ને છતાં કોઇ થકાવટ કે પથારીવશતા ન અનુભવવી, એ ઇશ્વરીય અનુગ્રહ વિના શી રીતે બની શકે?

પૂ. મા તો કહે છેઃ હું કોઈ તપ કરું છું એવો અહંભાવ પણ મારા મનમાં નથી. પૂ. શ્રી કરાવે છે તેમ સહજ ભાવે કરું છું. એમ કરતાં કદાચ શરીર પડી જાય તોય મને ચિન્તા નથી. એમને જરૂર હશે તો એ ટકાવશે. મેં મારી જાતને સંપૂર્ણપણે એમનાં શ્રીચરણોમાં સોંપી દીધી છે."

મારી દૃષ્ટિએ આ એક ઉચ્ચતમ સાધનાનો ઈતિહાસ રચાઈ રહ્યો છે. 'પ્રાર્થના એ સાધના છે. એ પૂ શ્રીના પુસ્તકમાં આલેખાયેલ સિદ્ધાંતોને પૂ.મા પોતાના જીવનમાં



જીવી બતાવે છે. જેમનામાં શ્રદ્ધા, ભક્તિ કે ભાવ હશે તે પૂ.માને ઓળખશે. એમની આ સાધના જોતાં એ પ્રતીતિ થયા વિના રહેતી નથી કે 'તેઓ' એ કેવળ માનવદેહધારી વ્યક્તિ નથી, પરંતુ 'સ્વયં' શક્તિસ્વરૂપા મા જગદંબા પોતે જ છે. પૂ.શ્રીના એ શબ્દોમાં સહૃદય સાધકોને હવે જરાય શંકા જેવું નથી લાગતું. પૂ.શ્રીએ પોતાની આધ્યાત્મિક આર્ષદૃષ્ટિથી જે પહેલાં જોયું તે આજે આપણે સહુ વાસ્તવિક ભૂમિકા ઉપર જોઈ રહ્યા છીએ. જે કોઇને શંકા હોય, તે પ્રત્યક્ષ જોઇ શકે છે. પૂ.માનો જય હો! એમના શ્રીચરણોમાં અનેકાનેક પ્રણામ.

પૂ.માની ભાવના પ્રમાણેની સાધના સત્વર ફળે–એવી સહુ સાધકોવતી પૂ શ્રીને અંતરના અંતરતમમાંથી પ્રાર્થના.


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧

# નર્મદા મૈયામાં અસ્થિ વિસર્જન—એક અનેરી ઘટના

જ્યોત્સ્ના બી. ત્રિવેદી

પરમાત્માની પરમ આરાધનાના ફલસ્વરૂપ સંત મહા પુરુષોના સર્વ અવશેષોય પરમ પવિત્ર ને મંગલકારક હોય છે. આ અવશેષોને પોતાને તો કોઇ પવિત્ર થવાનું હોતું નથી, પરંતુ એમનું જ્યાં જ્યાં વિસર્જન કરવામાં આવે ત્યાં ત્યાં તે વધુ પવિત્રતા ધારણ કરાવે છે, ને મંગલદાયક બને છે.

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી આવા જ એક વિરલ સંત ને સિદ્ધ મહાપુરુષ હતા.

એમના અસ્થિ અવશેષોને તો પવિત્ર થવાનું શું હતું! તેઓ તો સ્વયં પવિત્રતા ને મંગલતાની સાકાર મૂર્તિ હતા. આમ છતાં પ. પૂ.માશ્રી સર્વેશ્વરીની તેમજ અન્ય ભકતોની ભાવના પૂ.શ્રીનાં અસ્થિવિસર્જન કરવાની હતી.

ભારતીય શાસ્ત્રોમાં નર્મદા અને ગંગા નદીઓને પવિત્ર માનવામાં આવી છે. સાગરને પણ પવિત્ર લેખવામાં આવેલ છે.

પૂ.શ્રીનાં અવશેષોનો એક ભાગ લઇને ભાવનગરના વીસેક જેટલા ભાઇઓએ ગોપનાથ મહાદેવના સમુદ્ર કિનારે અસ્થિ-વિસર્જન કર્યું. ત્યાં ધૂન, ગીતાવાંચન અને પૂ.શ્રીના જીવન પ્રસંગોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. બાર કલાકના આ પ્રવાસ કાર્યક્રમમાં ભાવનગરના યોગેશ્વર ધ્યાનકેન્દ્રના ભાઈ-બહેનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઇ, પૂ શ્રીને પ્રેમાંજલિ ને શ્રદ્ધાંજલિ અર્પી.



પૂ શ્રીના સ્થૂલ દેહનું વિલીનીકરણ અને સૂક્ષ્મદેહે પ્રાગટ્ય એ મહાન ઘટના હોય તોપણ તેની અસર પૂ શ્રીના અસંખ્ય ભક્તગણ ઉપર થયા વિના રહી નથી. હિંદુ પ્રણાલિકા અનુસાર તેમના બ્રહ્મલીન થયા પછી તેમનાં અસ્થિવિસર્જનનો સામૂહિક કાર્યક્રમ પૂ. સર્વેશ્વરી માની રાહબરી નીચે ઘડી કાઢવામાં આવ્યો. આખાય કાર્યક્રમની પરિકલ્પના શ્રી જીતુભાઇ ગાંધીની હતી.

આપણે દુનિયાના સંસારી જીવો. નાની મોટી જડ વસ્તુઓને છોડી ન શકીએ, ત્યારે આપણને વિચાર આવે કે જે પૂ.શ્રીના સ્થૂળદેહે આપણને આટલું બધું આપ્યું, એનાં થોડા અવશેષરૂપ અસ્થિઓને વિસર્જિત ન કરીએ તો ના ચાલે? પરંતુ જેને બધાથીજ ઉપરામતા આવી ગઇ હતી, જેણે માત્ર ઉપદેશીને નહિ, પરંતુ જીવનમાં આચરીને એ બતાવ્યું હતું કે કશાનોય મોહ ન રાખશો. એ મહાપુરુષની આરાધના અને ધાર્મિક પરંપરાને અનુસરીને આ કાર્યક્રમ બનાવાયો હતો.

તા. ૨૨/૪ના દિને સવારે ૭-૩૦ કલાકે શ્રીજીતુભાઇ ગાંધીના વડોદરાના નિવાસસ્થાને પટાંગણમાં અસ્થિકુંભનું પૂજન આરતી વગેરે કર્યા બાદ યાત્રાનો પ્રારંભ થયો.

વડોદરાની ત્રણ લકઝરી બસો, સુરતની બે બસો, કપુરાનું મેટેડોર ને ચારેક એમ્બેસેડરોમાં લગભગ ૪૦૦ સાધકો ચાણોદ કરનાળી પાસેના સુરલી સંગમમાં પૂ.શ્રીનાં અસ્થિ-વિસર્જન કરવા માટે ગોઠવાયાં. મુંબઇ, સુરત, વડોદરા, ભરૂચ, વલ્લભ વિદ્યાનગર, અમદાવાદ, ગાંધીનગર, પાલનપુર, રાજકોટ, મોરબી ને ભાવનગર તથા કપુરાથી આ કાર્યક્રમમાં ભાગ લેવા સાત્ત્વિક ભાઇબહેનો આવ્યાં હતાં.

વાહનોમાં બેઠેલાં બધાં જ સાધક ભાઈબહેનો યોગેશ્વર બાવની અને ધૂન બોલ્યે જતાં હતાં. તેના પડઘા વાતાવરણ-

માં પડતા ને દૂર દૂર સુધી ફેલાઈ શાંત થઇ જતા.

વડોદરાથી પૂ. શ્રીનાં અસ્થિનો તામ્રકુંભ લઇ પૂ. મા મોટરમાં બેઠાં. તે વખતે બધા જ ભકતોનાં હૃદયો લાગણીથી ભારે બની ગયાં. ઘણાંની આંખોમાંથી અશ્રુબિંદુઓ પણ ટપકી રહ્યાં. વાતાવરણ વેદના સભર બની ગયું. પરંતુ પૂ. મા ખૂબ સ્વસ્થતા પૂર્વક જાણે પૂ.'શ્રી. ની સંનિધિમાં બેઠાં હોય તેમ બંધ આંખે સતત પ્રાર્થના કરતાં રહ્યાં.

એ પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે જ્યારે પૂ. માની ગાડી કોઠી કચેરી આગળ થોભી ત્યારે કુંભની આસપાસ અત્યંત તેજોમય પ્રકાશના પૂંજનું દર્શન પૂ. માને થયું-જાણે કે પૂ.શ્રીએ પ્રતીતિ કરાવીઃ 'હું અહીં સાથે જ છું. સ્થૂલ સ્વરૂપે નહિ, તો સૂક્ષ્મ સ્વરૂપે." પૂ. માને એ દર્શનથી ખૂબ શાંતિ થઇ.

ચાણોદ ખાતે નર્મદાના ઘાટ ઉપર પૂ. શ્રીના અસ્થિકુંભને સ્થાપવામાં આવ્યો. સુરતના મોડા પડેલા ભાઇ બહેનોની પ્રતીક્ષા ખાસ્સીવાર કરવામાં આવી, છતાં ખૂબ શાંતિથી શિસ્તબદ્ધ રીતે સાધક ભાઇબહેનોએ લાઇનમાં ઊભાં રહી, પૂ.શ્રીના અસ્થિપાત્રને પુષ્પાંજલિ અર્પણ કરી.

કમ્મર સુધીના પાણીમાં સામા પ્રવાહે પાંચ કિલોમીટર સુધી સુરલી સંગમે પહોંચવાનું હતું. આ માટે બાવીસ જેટલી હોડીઓ તૈયાર રાખવામાં આવી હતી અને તેમાં પૂ.મા સર્વેશ્વરી સાથે દરેક ધ્યાનકેન્દ્રના મુખ્ય માણસોને બેસવા સૂચના આપવામાં આવી હતી.

બધી જ હોડીઓમાં સાધકો સતત યોગેશ્વર બાવની કે ધૂન બોલાવતા હતા. આબાલવૃદ્ધ સહુ તેમાં મગ્ન હતા. આખુંય દૃશ્ય કયારેક ટેલિવિઝન પર પ્રસારિત થતા નયનરમ્ય દૃશ્ય જેવું લાગતું હતું.

સુરલી સંગમે હોડીઓ પહોંચતાં, પૂ.શ્રીના અસ્થિકુંભવાળી



હોડી સામેના કિનારાના ટાપુ પાસે રાખી હતી; જ્યારે બીજી હોડીઓમાંથી ઊતરીને નદીના પ્રવાહમાં સાધકો એવી રીતે ગોઠવાયા હતા કે અસ્થિવિસર્જનની પવિત્ર ક્રિયાને સહુ સરળતાથી જોઇ શકે.

પુરુષસૂકતના વેદોક્ત મંત્રોથી શ્રી મૂળશંકરભાઇ જાની અને શ્રી વિજયભાઇ પુરોહિતે અસ્થિઓ પર અભિષેક કરીને પછી શ્રી વિપુભાઇ જાની. શ્રીબાબુભાઈ વોરા, શ્રીનારાયણભાઈ-જાની, પ્રો. ટી. જી. ભટ્ટ, શ્રી ઉમિયાશંકરભાઇ વગેરેના હસ્તે નર્મદા મૈયાના પવિત્ર જળમાં શ્રી યોગેશ્વર ભગવાનકી જયના ઉદ્‌ઘોષની સાથે વિસર્જિત કરવામાં આવ્યાં. આ પ્રસંગે સર્વ સાધકોએ અસ્થિ ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી. ત્યારે સહુ સાધકોની આંખો પણ ભીની બની ગઇ. અશ્રુ-અંજલિ અને પુષ્પાંજલિનો એ સુભગ સમન્વય ખૂબજ પવિત્ર, હૃદયંગમ ને ભક્તિસભર હતો. એવું લાગતું હતું કે જાણે કે ભારતના એ મહાન આધ્યાત્મિક પનોતા સંતને સ્વર્ગલોક પુષ્પો પાઠવીને આમંત્રી ન રહ્યું હોય!

તે પછી, સર્વ સાધકોએ કરનાળીના કાંઠે નર્મદામૈયાના પુનિત પ્રવાહમાં બધી જ શારીરિક ને માનસિક મલિનતાઓને ધોતા હોય એ રીતે મુક્તમને સ્નાન કર્યું.

સ્નાનાંતે, મધ્યાહ્‌ન સમય થયો હોવા છતાં, નર્મદાના તીરે સહુ સાધકો ખુલ્લામાં ગોઠવાઇને બેસી ગયા ને શિવમહિમ્ન સ્તોત્ર ને પૂજ્યશ્રીની આરતી કરી. પૂ શ્રી સર્વેશ્વરીને વંદન કરી, રામજીમંદિરમાં ભોજન માટે પહોંચ્યા.

કરનાળી ગામમાં પહોંચવા માટેનો સીધો ઢાળ, પૂ. મા ચોત્રીસ દિવસના ઉપવાસ છતાં ખુલ્લા પગે ખૂબ સ્વસ્થ રીતે ચઢી ગયાં! તે જોઇ તેઓનું આત્મબળ ને સહનશીલતા સાધકોને અદ્‌ભુત લાગ્યાં.

આ કાર્યક્રમમાં જોડાયેલ ચારસો જેટલા ભાઈબહેનના ભોજનનો પ્રબંધ પણ શ્રી જીતુભાઇએ કરેલો. ભોજનમાં પૂ. શ્રીને પ્રિય એવી ખીચડી, શાક, અથાણું, છાસ હતાં. ચોખ્ખું ઘી પીરસવામાં આવેલું.

દરેક સાધક પાસેથી માત્ર રૂા. ૧૫ લઇ બસ, હોડી અને ભોજનનો પ્રબંધ શ્રી જીતુભાઇએ જે રીતે કર્યો તે સહુની ખૂબ પ્રશંસા પામ્યો.

પૂ. માએ તો તે દિવસે કેવળ પાણી ઉપર જ ઉપવાસ કરેલો. પોતાના ગુરુ પ્રત્યેનો એમનો પૂજ્યભાવ, એમનું સમર્પણ, એમની શ્રદ્ધા ભકિત બધું જ અનુપમ છે. પૂ.શ્રી કહેતા કે પૂ.મા એ જગદંબા છે. એમના એ સ્વરૂપની પ્રતીતિ પૂ. મા પોતાની સાધના દ્વારા સાધક ભાઇબહેનોને કરાવી રહ્યાં હોય એમ લાગે છે.

ભોજન પછી સત્યનારાયણના મંદિરમાં સાધકભાઇબહેનો ભેગાં મળ્યાં. તેમાં પૂ માએ ધૂન બોલાવી ને શ્રી બાબુભાઇ વોરાએ પૂ.શ્રીએ આરંભેલ વિવિધ પ્રવૃત્તિઓ આગળ ચલાવવામાં સહુને સહાયભૂત થવા અનુરોધ કર્યો.

શ્રી ઈશ્વરભાઈ કડીવાળાએ પૂ.શ્રીને અંજલિ ધરી ને ચાર યુવકોએ અધ્યાત્મના ઓછામાં ઓછા દસ-દસ ગ્રાહકો નોંધી લેવાની પ્રતિજ્ઞા જાહેરમાં લીધી. સહુએ અને પૂ.માએ એમને અભિનંદન આપ્યા.

સાંજે પૂ.શ્રીની ધૂન બોલતા સર્વે હોડીઓમાં બેસી ચાણોદ અને ત્યાંથી બસોમાં વડોદરા પહોંચ્યા ત્યારે સહુના જીવનનો એક અતિ સત્સંગમય દિવસ પૂર્ણ થઈ, રાત ઢળી ગઈ હતી. પરંતુ એ અનેરી ઘટનાની યાદ તો સાધકોના મનમાં સદૈવ જીવંત રહેશે.

રાત્રે ઊંઘમાં પણ કેટલાકોને પેલી ધૂન-"શ્રીયોગેશ્વર ભગવાનકી જય; જય બોલો સર્વેશ્વરી માતકી" જરૂરથી સંભળાઇ હશે.



## પ્રજાની ભુલ

સ્વાતંત્ર્યની સિદ્ધિની સાથે
પ્રગતિનો પુરુષાર્થ પૂરો થાય છે,
એમ માનનારી પ્રજા ખરેખર ભૂલ ખાય છે,
પાર વિનાની પીડા સહન કરે છે.
સ્વાતંત્ર્યની સિદ્ધિ તો
માત્ર સુશાંતિ અને સમૃદ્ધિના સૂર્યોદયની શરૂઆત છે,
કેટલાંય કમળોને એ પછી ખીલવાનું,
પુષ્પોને પ્રકટવાનું,
પંખીઓની પંક્તિઓને પ્રફુલ્લિત થવાનું,
અંધકારનાં અનેકાનેક આવરણનો અંત આણવાનું
એની પછી શેષ રહે છે.
સ્વાતંત્ર્યની સિદ્ધિમાં એ માટેની શક્યતા છે,
પરંતુ સંપૂર્ણતા નથી :
એનું વિસ્મરણ કરનારી પ્રજા ખરેખર ભૂલ ખાય છે;
પાર વિનાની પીડાગર્તામાં, પ્રશ્નો તેમજ સમસ્યાઓમાં
ધકેલાઈ જાય છે.

—યોગેશ્વર

## જળ જમનાનાં

[રાગ : માઢ યા કાફી]

લેવા ગઈ જળજમુનાનાં માથે ગાગર લઇ,
શ્યામ મળ્યા હું છલકી ગઇ ને ગાગર ખાલી રહી.
લેવા ગઈ.

વાંસળીના સૂર સાંભળી મારી નાગણ* જાગી ગઇ,
સુધબુધ મારી કાંઇ રહી ના, સૂરની પાછળ ગઇ.
લેવા ગઈ.

વનરાવનમાં શ્યામને પામી શરણે લોટી ગઇ,
કર સાહીને ઊંચકી એણે, વેલ વીંટાઈ ગઇ.
લેવા ગઈ.

શું રે થયું મેં કાંઈ ન જાણ્યું, શ્યામથી ભીની થઇ,
અંતરબાર હું નીરમાં એનાં ક્યાંય રે ઓગળી ગઇ.
લેવા ગઈ.

મૂકી ગયા મને ઘર પર પાછી, તન્મય સ્મરણે રહી,
હોય મુકુન્દ શું જાણ મને ક્યાં ગાગર ભૂલી ગઈ.
લેવા ગઇ.

—મુકુન્દ પારાશર્ય

* નાગણ=કુંડલિની

*——*



# મારા દાદાજી–મહાકવિ ન્હાનાલાલ

અગત્યનું

જ્યોતિ ચંદ્રકાન્ત જેરાજાણી.

"ન્હાનાલાલા બહોત બડા કવિ–વરકવિ" આવું કહીને મારા સિદ્ધગુરુદેવ ગણેશપુરીના પૂજ્ય મુક્તાનંદબાબાએ જેમને વારંવાર નવાજ્યા છે અને "ન્હાનાલાલ તો મુક્તાત્મા. ગુજરાત એમને સમજી ન શક્યું" એવું કહીને સિદ્ધસંત પૂજ્યશ્રી યોગેશ્વરજીએ જેમને બિરદાવ્યા છે, તે કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ કવિ મારા દાદાજી ચુસ્ત સ્વામીનારાયણી અને સત્સંગી. ઠાકોરજીની અમારા ઘરમાં સેવા. પ્રભુ કૃષ્ણચન્દ્ર પર એમનો અનન્ય અનુરાગ અને અડગ શ્રદ્ધા. એમની ગોદમાં મારા બાળપણનો સુવર્ણકાળ પસાર થયો. આઠ વર્ષ તેમની સંનિધિમાં વીત્યાં.

શરીરે લાંબા, ઊંચા, પહોળા. ગોળ મોઢા પર કાળી મૂછો. પાણીવાળી ધારદાર પ્રેમાળ આંખો. સફેદ સદરો અને ધોતીયું એ એમનો સામાન્ય પહેરવેશ. ધોતીયા નીચે ઢીંચણ સુધીની ચુસ્ત ચડ્ડી પહેરતા. બહાર જાય ત્યારે છૂટી પાટલીનું સફેદ ધોતીયું-લાંબો સફેદ કોટ. કોટના બટનમાંથી ખીસામાં ભેરવેલું ચેઇનવાળું ગોળ ઘડિયાળ. માથે કાળી ગોળ ટોપી. પગમાં કાળી "ગાંધી" ચંપલ. હાથમાં ટેકા માટેની સુંદર કારીગરીવાળી પોલીશ કરેલી લાકડી. એમનો અવાજ બુલંદ–પહાડી. "બાઈ" કહી માણેકબાને બૂમ પાડે તો જગ જાણે. પણ મારી બાનો અવાજ સાંભળવા તો કાન જ માંડવા પડે !

ક્રિકેટના ખૂબ શોખીન. રાજકોટની રાજકુમાર કોલેજમાં

જ્યારે નોકરી કરતા ત્યારે રાજકુંવરોને વર્ગમાં ભારતીય શાસ્ત્રો અને વર્ગબહાર ક્રિકેટ પણ શીખવતા.

ગાંધીજીના એલાનને માન આપીને જ્યારે સૌરાષ્ટ્રનાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરની તે જમાનાનાં ચાર આંકડાના પગારની નોકરી છોડી ત્યારે ઘરમાં ઘણી જ સાહ્યબી. બાએ ગાયો રાખેલી. ગૌસેવા થતી. ગાડી આવવાના સમયે ઘોડાગાડી રાજકોટ સ્ટેશને જતી અને મુસાફરોને "છે કોઈ કવિના ઘરના પરોણાં" એવી ટહેલ ઘોડાગાડીવાળો નાંખતો. આતિથ્ય તો કવિશ્રીનું જ.

રાજકોટ છોડી અમદાવાદ આવવાનું થયું ત્યારે સવાલ ગાયોનો ઊભો થયો. દાદાજીએ કહ્યું કે "મૂળીના સ્વામી નારાયણના મંદિરમાં મૂકી આવો." ગાયો પણ ઘરનું જ અંગ હતી. ઘરનાં જ માણસની જેમ તેમની સાથે વ્યવહાર થતો. મૂળી મૂકવા જવાનું કામ મારા પિતાશ્રીએ કરેલું. તેઓ મને કહેતા હતા કે દાદાજીએ જ્યારે "માવડીયું હવે તમને મારાથી રાખી શકાય તેમ નથી. શ્રીજી મહારાજને ચરણે જાવ તમે." એમ કહીને ગાયોને માથે-શરીરે હાથ ફેરવ્યો ત્યારે ગાયોની આંખોમાંથી આંસુની ધાર વહી ચાલી. તેમની અનિચ્છા છતાં મારા પિતાશ્રીને આ ફરજ બજાવવી પડેલી.

રાજકોટનું ઘર સંકેલાઇ રહ્યું હતું. અમદાવાદ જવાની તૈયારી ચાલતી હતી ત્યાં એક વહેલી સવારે જાણીતી ટોકરીઓનો અવાજ ઘરઆંગણે સંભળાયો. "અરે ! આ માવડીયુંનો અવાજ"......જોયું તો મૂળીના મંદિરે મૂકી આવેલાં-તે બધી ગાયો પાછી રાજકોટના ઘરે આવી પહોંચેલી. તેમને ખવરાવી-પીવરાવી બા-દાદાજીએ ખૂબ સેવા કરી અને બધી ગાયોને પગે લાગીને ફરીથી વિદાય આપી.



દાદાજીને કદીય એવો વિચાર નહીં આવેલો કે "હવે મારા કુટુંબનું ભરણપોષણ કેવી રીતે થશે ?" એમના નોકરી ના કરવાના અડગ નિશ્ચયની જાણ જ્યારે તેમણે ભણાવેલા અનેક રાજકુંવરોને થઇ ત્યારે કવિશ્રીના પ્રેમને વશ થઇને "પૈસાના કવરો" સીલબંધ એમને ચરણે મૂકેલા. મારા દાદાજીએ કોઇ પાસેથી કદી પૈસાની રકમ સ્વીકારેલી નહીં. "ઘર કેમ ચાલે છે. ?" તેના જવાબમાં કહેતા "બાઇને પુછો." વાત ત્યાંજ પતી જતી. જેનો અસ્વીકાર દાદાજીએ કર્યો હોય તે કશું જ મારી બાને ના ખપે. રાજવીઓએ તેથી તેમને ગુરુપદે સ્થાપ્યા. દર ગુરુપૂર્ણિમાએ અમારું ઘર રાજવીઓથી ઊભરાતું. ભલભલા રાજાઓ તે દિવસે મારા દાદાજીની પૂજા કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા અને ભેટ ધરતા. માણેકબાના હાથની રસોઇ જમીને જ સહુ જતા. બસ....આ એક દિવસની ઉપજ ઉપર કવિશ્રી આખા વર્ષનો વ્યવહાર-નિભાવતા.

સંસારના કાવાદાવાઓથી તે અરસામાં તેમનું મન ખૂબ ખિન્ન રહેતું. પ્રભુને ખૂબ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરતા. એક દિવસ હ્રદયમાં એવું સ્ફૂર્યું કે નર્મદા તટે જઇ શેષ-જીવન હવે પ્રભુભજન-કીર્તનમાં જ વીતાવવું. તેમનું દામ્પત્યજીવન ખૂબ સુખી. દરેક બાબતમાં તેઓ માણેકબાની સલાહ તો લેતા જ. દાદાજી તો એમ.એ. પર્શીયન ભાષા સાથે થયેલાં. સંસ્કૃતનો અભ્યાસ અને શાસ્ત્રોનો અભ્યાસ તો પાછળથી કરેલો. બા તો માંડ ચાર-છ ચોપડી ભણેલી. પણ એની સમજ તો જુઓ !

"તમે તો નર્મદાતટે જશો અને પ્રભુભજનમાં જીવન વીતાવશો. પરન્તુ મારે તો આપણાં છોકરાંવ માટે સંસારમાં

જ રહેવું પડશે. જ્યારે મારું હૃદય તો તમે જ્યાં હશો ત્યાં રહેશે. એના કરતાં એવું કંઈક કરોને કે આપણે જ્યાં રહીએ ત્યાં જ નર્મદા તટ આવી જાય. હું તમારી શિષ્યભાવે સેવા કરીશ. તમારા પ્રભુભજન-કીર્તનના માર્ગમાં સંસારમાં કોઇ જ જળોજથા કે વ્યથાથી હું તમને ચિંતિત નહીં થવા દઉં."

"જેવી મારા પ્રભુની ઇચ્છા" એમ કહીને દાદાજીએ નર્મદા તટનો પોતાનો પ્રસ્તાવ બાજુએ મૂકી માણેકબાના પ્રસ્તાવને મંજૂરી આપી. કેવો અન્યોઅન્ય પ્રેમ! બસ... ત્યારથી મારા દાદાજીનું જીવન ભજન અને કવન બની ગયું.

પ્રભુકૃપાએ શેઠ શ્રી લાભશંકર ઉમિયાશંકરના કમ્પાઉન્ડમાં એકમાળવાળા બંગલામાં નીચેનું આખું ઘર કવિશ્રીને ભાડેથી વાપરવા મળ્યું. તેમાં અંગ્રેજી L'–'એલ' આકારની મોટી પરસાળ હતી. પરસાળની જ મારા દાદાજીની મઢૂલી બની ગઈ. ધ્યાન–ભજન–કવન–સત્સંગ–સંકીર્તન બધું જ પરસાળમાં. એક બાજુ પર એમનો ખાટલો રહેતો. બીજી બાજુ પર સોફાસેટ અને ખુરશીઓ. મોટા ભાગનું તેમનું લખાણ પણ આ જ પરસાળમાં અને કમ્પાઉન્ડમાં રહેલા ગુંદીના ઝાડ નીચે થયું છે. પ્રભુ કૃષ્ણચંદ્રનું વારંવાર દર્શન પણ આ જ પરસાળમાં થયું છે. ગુંદીના ઝાડ પરથી ઉતરીને બગીચાની મેંદીના વાડના પાંદડે પાંદડે મુરલી વગાડતા નાચતા પ્રભુ કૃષ્ણચંદ્રનું દર્શન તો તેમને વારંવાર થયું છે, જેના વિષે તેમણે "વેણુવિહાર" માં અને અન્યત્ર વિગતે લખ્યું છે.



"પ્રભુ અંતર્યામી", "તુજ શરણું એ મમ પરમ ક્ષેમ", "પરમ ધન પ્રભુનાં લેજો લોક", "હરિ નેહને નેણલે નચાવીને, દેહનાં દાન દીધાં", "શતદલ પદ્મમાં પોઢેલો", એક જવાલા જલે તુજ નેનનમાં", "આ વસંત ખીલે શતપાંખડી હરિ આવોને" જેવાં તો અનેક એક એકથી ચઢિયાતાં ભજનો કૃષ્ણપ્રભુને ઉદ્દેશીને લખ્યાં છે. દ્વારિકાના મંદિરમાં સંકીર્તન કર્યા પછી "હરિસંહિતા" નામનું મહાકાવ્ય ૪૪૦૦૦ ચરણનું લખવા ધારેલું જેમાંથી ૨૯૦૦૦ ચરણ તેઓ લખી શકયા હતા. આ ચરણોની હસ્તપ્રત પૂજ્યશ્રી યોગેશ્વરજીને તેઓએ વાંચવા આપેલી અને સુધારા–સૂચનો કરવા જણાવેલું. તેનો ઉલ્લેખ "પ્રકાશના પંથે" માં પૂજ્યશ્રીએ કર્યો છે.

જીવન–કવન–ભજન બધું જ પરસાળમાં. માત્ર બે જ વખત તેઓ ઘરમાં આવતા. સ્નાન અને ભોજન માટે......તે વખતે "અહાલેક–અહાલેક" એવી ગર્જનાઓ કરતા.

પોતાનો ભોજનથાળ બેસવાના આસનથી ઊંચે રખાવતા. તે માટે માણેકબા નાનું સ્ટૂલ વાપરતા. પ્રભુને થાળ ધરાવીને પછી જ પોતે જમતા. મિષ્ટાન્ન રંધાયું હોય ત્યારે કડવું પણ રંધાતું. જેવું કે કારેલાનું કે કંકોડાનું શાક. કશું જ ના હોય ત્યારે લીમડાનો મ્હોર કે કૂણા પાન પણ ધોઈ સાફ કરીને થાળમાં મૂકાતા. લીમડાનો મ્હોર બે રીતે ખાતા. કોઈ વાર ખાંડ નાંખીને કોઇ વાર લીંબુ–મીઠું–મરી નાંખીને.

જમવાનો સમય થતો ત્યારે માણેકબા બોલાવવા આવતા. અમે છોકરાંવ તેમનો સદરો પાછળથી પકડી છુક છુક ગાડીની રમત રમતાં રમતાં તેમની સાથે જ જમવા જતાં અને એ જ રીતે પાછાં આવતાં. ગરમી ન લાગે કે માખી ના સતાવે તે માટે માણેકબા નેપકીન અને પંખો લઇને બાજુ-

માં જ બેસતા. જમતી વખતે સહુને પ્રેમપૂર્વક ખબરઅંતર પૂછીને હસાવતા. જમવાની વસ્તુઓનાં વખાણ કરીને વહુઓને આનંદ આપતા.

જમ્યા પછી પરસાળમાં પાછા ફરતાં દાદાજીની સાથે અમે સહુ મોટેથી ગાતાં.

"અમે અમારે ઘેર જઈએ બાઈ રામ-રામ છે,
આ બોલ્યું-ચાલ્યું માફ બીજું શું કહીએ ?"

આ નિત્યક્રમ હતો. બા તે વખતે તેમને અહોભાવથી પગે લાગતી ને ધન્યતા અનુભવતી. બસ પ્રસન્ન દામ્પત્ય. જીવનની આજ ધન્ય ક્ષણો. આજ ધન્ય પળો તેને માટે હતી.

કવિકુટુંબમાં લાજની પ્રથા ન હતી. તે માટે જ્ઞાતિમાં કવિકુટુંબ સુધારક ગણાતું. ઘરે આવેલ દરેક અતિથિ-અભ્યાગતની પરોણાગત થતી. મારા દાદાજી બ્રાહ્મણ સિવાયની જ્ઞાતિના માણસો સાથે—પટેલ હોય કે ક્રિશ્ચિયન—જમવા બેસતા. તેથી શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિસમાજે તેમને જ્ઞાતિબહાર પણ મૂકેલા. (ક્રમશઃ)

હૃદય સરળ રાખો. નામરૂપની પાછળ ના દોડો, એ તો બધું મિથ્યા છે. વાયુનું એક સ્પંદન માત્ર છે, આ માયાવી જગતમાં કોઇપણ વ્યકિત કાયમ યશ પ્રાપ્ત કરી શકતી નથી. અલ્પ અને નાશવંત ચીજો માટે ચિંતા ન કરો. શાશ્વત સત્ય માટે સદા પ્રયત્નશીલ બનો.



# સંતોનું બુકીંગ

વિદ્યાશંકર વ્યાસ

પરમ પૂજ્ય મહાત્માજીનાં પ્રવચનો પાંચ દિવસો સુધી ગુજરાતી સમાજ વિદ્યાલય-જયપુરમાં થયાં. તે પછી ત્રણ દિવસ જયપુરના પ્રસિદ્ધ મંદિર 'શ્રીરાધાગોવિંદ મંદિર' માં પણ ગોઠવાયાં. પૂ. સ્વામીજીના જીવન અને ઉપદેશોથી જયપુરના સજ્જનો અને વિદ્વાનો એટલા બધા પ્રભાવિત થયેલા કે પૂ. સ્વામીજીના પવિત્ર જીવનની ઝરમર અને ઉપદેશો રાજસ્થાનની પ્રસિદ્ધ પત્રિકા 'રાજસ્થાન-પત્રિકા'માં તા. ૧૦-૨-૮૪ના દિવસે પ્રકાશિત થયાં.

પૂ. સ્વામીજીની મારી આ પ્રથમ મુલાકાત જયપુરમાં અદ્‌ભૂત ચમત્કારિક રીતે થઈ, તે હું રજૂ કરવા ઈચ્છતો નથી. હું ડુંગરપુરનો વતની છું. છેલ્લા છ-સાત માસથી જયપુરમાં સાધારણ વિદ્યાર્થીજીવન પસાર કરી રહ્યો છું. પૂ. સ્વામીજી અને પૂ. મા સર્વેશ્વરીજીના જયપુર નિવાસ દરમ્યાન હું તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યો. આ સમય દરમ્યાન સ્વામીજીની મુલાકાતે અનેક ભાઈ-બહેનો આવતાં.

તા. ૧-૨-૮૪ની વાત છે. એ દિવસે એક ભકત પૂ. સ્વામીજી પાસેથી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા આવ્યા. આ ભક્ત અને પૂ. સ્વામીજી વચ્ચે જે વાતચીત હિન્દીમાં થઇ તેનો સાર અહીં ગુજરાતીમાં રજૂ કરવા ઈચ્છુ છું.

ભક્તઃ-'સ્વામીજી, હું ઘણા દિવસોથી ઈશ્વર ઉપાસના કરું છું, પણ હજુ મારી ઇચ્છા સફળ નથી થઈ.'

પૂ.સ્વામીજીએ કહ્યું:-'આપની શું ઇચ્છા છે અને તેને પૂરી કરવા શું પ્રયત્ન કરી રહ્યા છો-તે જણાવો.'

તે ભકત કરુણ બનીને કહેવા લાગ્યો -'સ્વામીજી, હું ઇષ્ટદેવનું સગુણ દર્શન ઇચ્છું છું અને નિર્વિકલ્પ સમાધિ પણ ઇચ્છુ છું. તેના માટે રોજ ધ્યાનનો અભ્યાસ કરું છું, મંત્રજપ કરું છું, ઘણી વખત શરીરનું ભાન ભૂલી ગયો હોઉં તેવું પણ થયું છે પણ અત્યાર સુધી ન તો ઈશ્વરનાં દર્શન થયાં, ન તો નિર્વિકલ્પ સમાધિલાભ મળ્યો. એટલે એવું કંઇક બતાવો કે જેથી ઈશ્વરનાં દર્શન થાય ને પછી સમાધિલાભ પણ મળે.

પૂ.સ્વામીજીએ તુરતજ કહ્યું-'પહેલાં તો એ નક્કી કરવું પડશે કે ઈશ્વરનું સગુણ દર્શન ઇચ્છો છો કે સમાધિલાભ? યાત્રા કરવી છે તો ટિકિટ લેતાં પહેલાં, એ તો નક્કી કરવું પડશે કે અહમદાવાદ જાવું કે મુંબઇ. કયા સ્ટેશનની ટિકિટ ખરીદવી છે તે નક્કી કર્યા વગર ટિકિટ કેવા પ્રકારે આપી શકાય?'

એટલે તે ભકતે કહ્યું 'ઈશ્વરનું સગુણ દર્શન ઇચ્છુ છું.' તરતજ પૂ.સ્વામીજી બોલ્યા "'ઈશ્વરનું સગુણ દર્શનલાભ' તે સ્ટેશન ન કહેવાય. તે તો યાત્રાનો માર્ગ થયો. અહમદાવાદ જાવું છે, પણ કયે રસ્તે થઇને જાવું છે તે થયું. હવે બતાવો કે તે માર્ગ પર કયે સ્ટેશને ઊતરવું છે. 'ઇશ્વરનો સગુણ દર્શન લાભ' તે માર્ગ પર અલગ-અલગ ઘણાં સ્ટેશનો છે. કયા દેવનું દર્શન ઇચ્છો છો, તે સ્ટેશન કહેવાય."

ભકતે કહ્યું-'હું ભગવાન રામનું સગુણ દર્શન ઇચ્છું છું.' એટલે પૂ.સ્વામીજીએ કહ્યું-'હા ઠીક છે. સ્ટેશન નક્કી થઇ



ગયું કે આપણે રામસ્ટેશને જાવું છે. હવે ટિકિટ ખરીદવાનું જ કામ બાકી રહ્યું હવે રામ સ્ટેશન જવાની ટિકિટ આપને સંતોના બુકિંગથી મળી જશે. જેમ નગરો અને શહેરોની યાત્રા ટિકિટો ખરીદવાની બુકિંગો હોય છે, તેમ સંતોનું પણ બુકિંગ હોય છે. આપને રામસ્ટેશન જાવાની ટિકિટ સંતોના બુકીંગથી જ મળી શકશે અને ત્યાંની ટિકિટ લઇ લીધી... ....એટલે....'

પૂ.સ્વામીજી બોલતાં-બોલતાં એકદમ અટકી ગયા. બીકાનેરના પ્રસિદ્ધ અને વયોવૃદ્ધ હિમ્મતભાઇ અચાનક અંદર આવતાં હિમ્મતભાઇએ પૂ.સ્વામીજીના એ છેલ્લા શબ્દો સાંભળી કહી દીધું 'ટિકિટો લઇ લીધી છે.'

પૂ. સ્વામીજીએ તેમની તરફ સંકેત કરી અમને કહેવા લાગ્યા-'તે બીજી ટિકિટોની વાત સમજ્યા છે.'

(પૂ.મા સર્વેશ્વરીજી અને હું બંને હસી પડ્યાં. ભોળા હિમ્મતભાઇ અમારા હસવાનું કારણ સમજી શકયા નહિ. તેઓ સ્વામીજીને જયપુરથી અહમદાવાદ જવાની જે ટિકિટો ખરીદવાની હતી તેના સંબંધમાં સમજ્યા હતા.

પૂ.સ્વામીજીએ બુકીંગની વાત આગળ ચલાવતાં કહ્યુ 'હાં, તો રામસ્ટેશનની ટિકિટ લીધા પછી તે સંબંધિત ગાડીમાં બેસી ત્યાં પહોંચી શકાય. આપ ધ્યાન કરવા બેસતી વખતે તે સ્થળે ભગવાન શ્રીરામનો ફોટો રાખો. અને તે ફોટા સામે જોઇને મંત્રજપ દરરોજ ઓછામાં ઓછા એક એક કલાક સવાર-સાંજે કરજો. ફોટા સામે જોઇને થોડા સમય સુધી મંત્રજપ કર્યા પછી, આંખો બંધ કરી તે સ્વરૂપનું માનસિક ધ્યાન કરતાં મંત્રજપ ચાલુ રાખવા. આમ

અભ્યાસ વધારવાથી અને રામ પ્રત્યે પ્રેમ વધારવાથી તમારી મનોકામના પૂર્ણ થઈ શકશે.”

અહા માર્ગદર્શનની કેવી સરળ પદ્ધતિ! પૂ. સ્વામીજી આવી આધ્યાત્મિક યાત્રાની માર્ગદર્શનરૂપી ટિકિટો વિના મૂલ્યે કેટલાને આપતા હશે!

અફસોસ.......આજની દુનિયામાં એવી આધ્યાત્મિક યાત્રા કરવાવાળા પણ બહુ ઓછા જ છે ને?

સાંસારિક યાત્રાનાં બુકિંગો પર દિનરાત ભીડ રહે છે. સિનેમા ગૃહોનાં બુકીંગો પર ટિકિટો ખરીદવા ધક્કા-મુક્કી ચાલે છે. જેમને ઘેર વયોવૃદ્ધ માતા-પિતાને પહેરવા પૂરતાં કપડાં મળતાં નથી અને જેમની સ્ત્રી અને બાળકો ઘેર ભૂખ્યાં છે, ભૂખથી પીડાય છે તેવા લોકો પણ દિવસભર મહેનત કરીને કઠિનાઇથી મેળવેલ પૈસા હાથમાં પકડી સિનેમા ઘરોનાં બુકીંગ પાસે ઊભા જોવા મળી શકશે. વગર પૈસે મળતી ટિકિટો—પરંતુ વગર પૈસે સંતો પાસેથી મળતું આ બુકીંગ ભાગ્ય વિના કોણ કરાવવા આવે!

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી છેલ્લાં કેટલાંય વર્ષોથી દુનિયાના અનેક સ્થળોએ, સામે ચાલીને જઇને વગર પૈસે આવા બુકીંગનું કામ કરી રહ્યા છે. પરંતુ કહેવાય છે કે “ભાગ્ય વિના નર પાવત નાહી.”

ઈશ્વરની કૃપા સિવાય ઈશ્વરના માર્ગે જવાતું નથી એટલે એમાં પણ એની કૃપા તો જોઇએ જ.



# કર્મયોગ

કિશોરભાઈ પંડ્યા

(વડોદરામાં પૂ. યોગેશ્વરજીનાં ગીતા પ્રવચનોની સમાપ્તિ સમયે કિશોરચંદ્ર શાસ્ત્રીનાં વક્તવ્યનો ટૂંકસાર)

वंदे महापुरुष ते चरणारविंदम्

ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવગીતાની સમાપ્તિમાં ઉદ્ધવને એક ખાસ વાત કહી “कुर्यात् सर्वाणि कर्माणि मदर्थं शनकैः स्मरन्” હે ઉદ્ધવ, પ્રત્યેક કર્મ મારાં માટે અને મારું સ્મરણ કરતાં કરીશ તો તારું પ્રત્યેક કર્મ યોગ બની જશે. ભલે કોઇ કાર્ય ઉપરથી લૌકિક જેવું જણાતું હોય પરંતુ એ ઈશ્વરીય અનુસંધાન સાથે, ભગવત્ પ્રીત્યર્થ કરવામાં આવે તો પ્રત્યેક કર્મ પૂજા બની જાય છે. દા. ત. હું નોકરી કરવા જઉં છું પણ મારા માટે નહીં, પ્રભુ માટે કારણ મારી પાસે દ્રવ્ય હશે તો પ્રભુ સેવા સારી રીતે કરીશ, બગીચો ઘર આગળ બનાવીશ પણ મારા માટે નહીં, પ્રભુ માટે બગીચાના ફૂલથી પણ પ્રભુ-માળા બનાવીશ. બગીચાના ફળનો પ્રભુને ભોગ ધરાવીશ. આ રીતે પ્રત્યેક કર્મ પ્રભુ માટે થતાં એ કર્મ જીવનને કૃતાર્થ બનાવે છે. આનું જ નામ કર્મની કુશલતા.

આપણાં વડોદરાવાસીઓનાં અહોભાગ્ય છે કે એક કર્મયોગીનાં મુખથી કર્મનાં સિદ્ધાંતને શ્રવણ કરીએ છીએ. પૂ. યોગેશ્વરજી તો હાલતા ચાલતા પ્રયાગ તીર્થ છે. જેમ પ્રયાગમાં ત્રિવેણી સંગમ છે તેમ પૂ. શ્રીનાં જીવનમાં પણ પ્રભુભકિતની ગંગા, બ્રહ્મજ્ઞાન-તત્ત્વજ્ઞાનની સરસ્વતી અને કર્મનાં સિદ્ધાંતની યમુના વહી રહી છે અને જેનાં જીવનમાં કર્મ, જ્ઞાન, ભકિતનો સમન્વય થયો હોય એ હાલતા ચાલતા પ્રયાગ છે. પૂ. શ્રીમાં ગોપી જેવી વિરહાત્મક પ્રેમલક્ષણા ભકિતનું

દર્શન થાય છે. જેમ પ્રભુવિયોગમાં ગોપીજનો પ્રભુદર્શન માટે
પ્રલાપો કરે છે, એવા જ પ્રલાપો આપશ્રીએ સાધના દરમિ-
યાન પ્રભુ માટે કર્યા છે, એ આપશ્રીની આત્મકથા વાંચતા
જણાય છે. ભક્તિનો અર્થ છે પ્રેમ, પ્રભુ માટેની વ્યાકુલતા.
જેનું દર્શન આપશ્રીમાં થાય છે; પરંતુ જેમ પુત્ર વિનાની
મા વાંઝણી હોય છે તેમ જ્ઞાન વિનાની ભક્તિ લૂલી છે. જ્ઞાનથી
ભકિત સુદૃઢ બને છે. યોગેશ્વરજી એક ભકત હોય જ્ઞાની પણ
છે અને જ્ઞાની ભકતને ગીતામાં સર્વોત્તમ માનેલો છે. આપ-
શ્રીમાં જે અગાધ જ્ઞાન છે, એનો અનુભવ આપનાં પુસ્તકો
વાંચતા થાય છે. આપનું જ્ઞાન માત્ર શબ્દનો આડંબર નથી,
પરંતુ અનુભવનું અમૃત છે. આમ બ્રહ્મજ્ઞાનની સરસ્વતીનાં
પણ આપશ્રીમાં દર્શન થાય છે. આપ એક જ્ઞાની ભકત
હોવા છતાં એક નિષ્કામ કર્મયોગી પણ છો. આપનું જીવન
પ્રભુ-સમર્પિત જીવન છે. આપના જીવનની વૃત્તિ કે પ્રવૃત્તિ
માત્ર પ્રભુ છે. મહાપુરુષો એ ભગવાનના દૂતો છે. એ પ્રભુનો
સંદેશ આપણને દેવા માટે આ સંસારમાં આવે છે. પૂ શ્રી
પણ એવા જ મહાપુરુષ છે, જે અથાગ પરિશ્રમ કરી દેશ–
વિદેશમાં પ્રભુના પવિત્ર સંદેશનો પ્રચાર કરે છે. આ એમનો
કર્મયોગ નથી તો શું છે? આમ આપશ્રીમાં કર્મયોગની
યમુનાનાં પણ દર્શન થાય છે. આપણાથી અલ્હાબાદના ત્રિવેણી
સંગમમાં સ્નાન કરવા કદાચ ન જવાય પરંતુ યોગેશ્વર રૂપી
હાલતુ ચાલતું તીર્થ આપણી સમક્ષ ખડું છે. જો તેમાં સ્નાન
કરીશું તો જીવન ધન્ય ધન્ય અને કૃતાર્થ બની જશે. અંતમાં
જેમનાં કદમ કદમ પર કાશી છે એવાં પૂ. યોગેશ્વરજી તથા
પૂ. મા સર્વેશ્વરીનાં ચરણોમાં અભિવંદી વિરમુ છું.

(વડોદરા નજરબાગ મેદાનમાં પૂ. યોગેશ્વરજીનાં 'ગીતામાં કર્મયોગ' એ વિષયનાં પ્રવચનોની પૂર્ણાહૂતિ પ્રસંગે કિશોર ચંદ્ર શાસ્ત્રીએ આપેલાં વકતવ્યનો ટૂંકસાર)



# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

પ્રશ્નઃ–ઈશ્વરની સ્તુતિ કરવાથી ઈશ્વર પોતાના નિયમોને છોડીને પણ પાપમુકિત આપે છે?

જવાબઃ–ઈશ્વરને માટે પોતાના નિયમો છોડવાનો કોઇ પ્રશ્ન જ પેદા થતો નથી. એ જે કાંઈ કરે છે તે પોતાના નિશ્ચિત નિયમોને અનુસરીને જ કરે છે, પાપી અથવા અપરાધી પુરુષ ઈશ્વરનું સ્મરણ કરે, અને પોતાનાં પાપકર્મ, દોષ અથવા અપરાધને માટે સાચા દિલથી પશ્ચાતાપ કરીને એનું પુનરાવર્તન ન કરવાનો સંકલ્પ કરે તો ઈશ્વરની કૃપાથી પાપ-મુકત બની જાય છે. ઈશ્વરની દુનિયાનો એ પણ એક પ્રસ્થાપિત પરંપરાગત નિયમ જ છે. ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં નિશ્ચયાત્મક રીતે કહેવામાં આવેલ છે કે કોઈ દુરાચારી પણ જો મને અનન્યભાવે ભજે છે તો તે સત્પુરુષ જ કહેવાય છે. એ થોડા જ વખતમાં ધર્માત્મા બને છે. સનાતન શાંતિને મેળવી લે છે. હે અર્જુન! મારો ભકત કદી વિનાશ પામતો નથી. મારું શ્રદ્ધાભકિતપૂર્વકનું શરણ લઇને પાપયોનિમાં જન્મેલા જીવો, સ્ત્રીઓ, વૈશ્યો તથા શુદ્રો પણ સર્વોત્તમ પદને પામી લે છે. તો પછી સત્કર્મપરાયણ, શીલવાન, સદાચારી બ્રાહ્મણો, ભકતો અને રાજર્ષિઓનું કહેવું જ શું? આ પરિવર્તનશીલ, અનિત્ય, સંપૂર્ણ સુખશાંતિથી રહિત મૃત્યુ-લોકને મેળવીને મને જ ભજ. જે ઈશ્વરનું શરણ લે છે તે સ્વાભાવિક રીતે જ એમની મદદ મેળવે છે.

પ્રશ્નઃ– ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી જોઇએ?

ઉત્તરઃ– ઈશ્વરની સ્તુતિ તદ્દન સહજ રીતે થવી જોઇએ અને બને તેટલા વધારે ને વધારે ભાવપૂર્વક કરાવી જોઇએ. એ પોતાની સ્વાભાવિક ભાષામાં કોઈપણ પ્રકારની કૃત્રિમતા કે દાંભિકતા સિવાય થવી જોઇએ.

પ્રશ્નઃ– મોક્ષ અથવા મુકિત એટલે શું ? તેને પ્રાપ્ત કરવાનાં સાધનો કયાં કયાં છે ?

ઉત્તરઃ– મોક્ષ અથવા મુકિત એટલે અવિદ્યામાંથી છૂટીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો અથવા પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરવો તે. અવિદ્યાને લીધે, એના જ પરિણામે અહંતા, મમતા, આસકિત, વાસના, લાલસા, કામના રાગ-દ્વેષાદિનો જન્મ થાય છે. એમાંથી છૂટવામાં આવતાં આત્મ-દર્શન દૂર નથી રહેતું. પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે.

મુકિતની પ્રાપ્તિ માટે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ ભગવન્નામસ્મરણ, પ્રાર્થના, આત્મજ્ઞાન, સંતકૃપા તથા ઈશ્વરના અસાધારણ, અલૌકિક અમોઘ અનુગ્રહનાં સાધનો મુખ્ય છે. એ સાધનાની સહાયતાથી મુકિતના ધારેલા લક્ષ્યાંકની સિદ્ધિ સહેલાઇથી થઇ શકે છે.

પ્રશ્નઃ–ઈશ્વરની સ્તુતિ કરવાનું કાર્ય અનિવાર્ય છે ?

ઉત્તરઃ– અનિવાર્ય છે એવું તો કેવી રીતે કહી શકાય ? ભકિતમાર્ગમાં ઈશ્વરની સ્તુતિ કરવાનું સહજ આવશ્યક કલ્યાણકારક મનાય છે. ભક્ત સ્વાભાવિક રીતે સ્તુતિ કરે છે. જયાં સુધી ઈશ્વરની સ્તુતિ કરવાનું આવશ્યક લાગે છે ત્યાં સુધી સ્તુતિ કરવામાં કશી હરકત નથી. પછી એવી આવશ્યકતાની પ્રતીતિ ના થતાં, સ્તુતિ પ્રવૃત્તિ અનાયાસે આપોઆપ છૂટી જશે. સાધક, સ્તુતિ પોતાના સાધનાત્મક લાભને માટે કરે છે, ઈશ્વરના સ્વાર્થ–લાભ માટે નથી કરતો.



# પ્રકાશના પંથે

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની આત્મકથા
(દક્ષિણેશ્વરના અનુભવો)

## ૧ દર્શન

કલકત્તાની એ મારી પહેલી જ મુસાફરી હતી. બપોરે ત્રણેક વાગ્યે કલકત્તા આવ્યું. સ્ટેશન પરથી દક્ષિણેશ્વર જવાની માહિતી મેળવી. પરંતુ બે બસો બદલવા છતાં કંઇ મેળ ન પડયો. આખરે મેં ઘોડાગાડી કરવાનો વિચાર કર્યો.

ગાડીવાળો મુસલમાન હતો. તેણે દક્ષિણેશ્વરનું કાલી મંદિર જોયું હોવાની ને ત્યાં પહોંચાડવાની ખાત્રી આપી.

કલકત્તાના મોટા મોટા રાજમાર્ગો પર ફેરવીને તેણે બે કલાક પછી એક મંદિર આગળ ગાડી ઊભી રાખી. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તે દક્ષિણેશ્વરનું કાલી મંદિર નહિ, પરંતુ કલકત્તાનું પ્રસિદ્ધ કાલી મંદિર હતું. આમ સમય અને પૈસા બેય નકામાં ગયા. તેણે પોતાની ભૂલ કબૂલવાને બદલે કહેવા માંડયું 'હવે તો બહુ મોડું થયું છે, મને અહીં સુધીના પૈસા આપી દો. મારાથી બીજે કયાંય જઇ શકાય તેમ નથી.'

રકઝક કરવાને બદલે ગાડીવાળાને પૈસા ચૂકવી ભગવાનને પ્રાર્થના કરતો હું આગળ ચાલ્યો. મને એ વાતનું આશ્ચર્ય થયું કે કલકત્તા જેવા શહેરમાં જેમને જેમને મેં પૂછયું તે દક્ષિણેશ્વર વિષે સાચી માહિતી ન આપી શકયા !

પણ હવે દક્ષિણેશ્વર પહોંચવું કેવી રીતે ? રાત પાસે આવતી હોવાથી મને ખૂબ જ ચિન્તા થઇ. મનમાં થયું જે

રામકૃષ્ણદેવ હિમાલયથી અહીં લઇ આવ્યા તેમણે આ શું કરવા માંડયું છે ?

પરંતુ પ્રભુની પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ કૈં ને કૈં રહસ્ય હોય છે જ. વિચાર કરતો હું ધોરી માર્ગ ઉપર ઊભો 'તો ત્યાં જ એક માણસ આવ્યો. મને કહે કયાં જવું છે ? મેં કહ્યું: દક્ષિણેશ્વર ભગવાન રામકૃષ્ણ પરમહંસનું સ્થાન છે ત્યાં. કહે, મારી સાથે જ બસમાં ચાલો મારે પણ એ બાજુ જ જવું છે.' વિના વિલંબે એક બસ મળી ને થોડીવારમાં દક્ષિણેશ્વર આવ્યું.

તપાસ કરતાં જણાયુ કે મંદિર બસસ્ટેન્ડથી થોડે દૂર છે. સદ્દભાગ્યે માર્ગમાં ત્રણ-ચાર માણસો મળ્યા. તેમને હું હિમાલયથી આવું છું સાંભળી આશ્ચર્ય અને આનંદ થયાં. તેઓ મને ઠેઠ દક્ષિણેશ્વર સુધી મૂકી ગયા.

મંદિર બંધ હતું. બધે ખૂબ જ શાંતિ હતી. પાસે જ ગંગાજી ખૂબ શાંતિથી વહી રહ્યાં હતાં. રામકૃષ્ણદેવનો ખંડ હજી ખુલ્લો હતો. તેનું દર્શન સૌ પ્રથમ થયું. સાથે આવનાર ભાઇ કહે આ મંદિરમાં રાતે કોઇને રહેવા દેતા નથી. પણ અત્યારે અંધારું થયું છે એટલે કોઈ તમને કૈં નહિ કહે એમ કહી તે ચાલ્યા ગયા.

મેં ગંગા કિનારે જઇને આચમન કર્યું. પછી થોડીવાર આંટા મારી એક મકાનની ઓસરીમાં સૂઇ ગયો. જો વહેલા આવવાનું થયું હોત તો અહીં રહેવાની રજા માગવી પડત એટલે પ્રભુએ મને અહીં મોડા લાવવામાં સારું જ કર્યું છે એમ લાગ્યા વિના રહ્યું નહિ.

સવારે ઊઠીને ગંગાજીમાં સ્નાનાદિ કરીને નિવૃત્ત થયો. ધ્યાનાદિ કરીને મંદિર જોવા નીકળી પડ્યો. રાતના અંધકાર કરતાં અત્યારે સ્થળ જુદું જણાયું. રાત ને દિવસને પોતપોતાનું અલગ સૌંદર્ય ને ખૂબી હોય છે.



દક્ષિણેશ્વરનું મંદિર ઘણું જ વિશાળ હતું. જો કે દક્ષિણ ભારતનાં મંદિરોની ભવ્યતા તેમજ જૈન મંદિરોનું શિલ્પ તેમાં નથી, પરંતુ આધ્યાત્મિક પરમાણુ જીવંત બનીને ત્યાં ફરતાં હોય એમ લાગ્યા વિના નથી રહેતું. મંદિરની ભવ્યતા મારે મન તેના શિલ્પ કે સ્થાપત્યમાં નહિ, પરંતુ તેમાં રહેલી ચિરંતન શાંતિમાં છે.

આ મંદિરમાં થોડાં જ વર્ષો પહેલાં જે મહાન વિભૂતિએ નિવાસ કરેલો, તેનો પ્રભાવ હજી પણ કાયમ છે. તેમનો ઈશ્વરી ઉપદેશ, તેમની સાધનાની શાંતિ ને ગંભીરતા જાણે કે આ સ્થળમાં મળી ગયાં લાગે છે. એટલે મેં તેમાં પ્રવેશ કર્યો ત્યારે મારું દિલ અવર્ણનીય લાગણીથી હાલી ઉઠયું. મેં મનોમન ભારત ને વિશ્વના એ મહાપુરુષ શ્રી રામકૃષ્ણદેવને પ્રણામ કર્યાં. જેમનું જીવનચરિત્ર ચૌદ વર્ષની નાની વયે વાંચીને મારા દિલમાં ઈશ્વરી ભાવો જાગૃત થયેલા ને ઈશ્વરને 'મા,મા' પોકારીને સાક્ષાત્ કરવાના મેં પ્રયાસો કરેલા; એટલે એ મહાપુરુષની લીલાભૂમિમાં પ્રવેશવું એ મારા માટે મુક્તિના દ્વારમાં પ્રવેશવા બરાબર હતું.

મંદિરના ચોકમાં થઇને હું મંદિરમાં આવ્યો. રામકૃષ્ણદેવે જેની આજીવન ઉપાસના કરી હતી તે કાલીમાતા સામે ઊભા રહીને મેં હાથ જોડ્યા. મારાં નેત્રો પ્રેમાશ્રુથી છલકી ઊઠ્યાં: મા, કેમ અચલ છે ? તમારું દર્શન કરવા હું હિમાલયથી અહીં આવ્યો છું, ત્યારે તમે આમ મૂક કેમ છો ? મા, મારી સામે પ્રકટ થાવ. આ સ્થળમાં તો જરૂર પ્રકટ થવું જ પડશે. આ તો તમારું જ સ્થળ છે.

માની સ્તુતિ પછી મંદિરમાં રહેવાની પરવાનગી માટે હું ટ્રસ્ટીઓને મળ્યો. પરંતુ તેમણે કંઇ પણ સાંભળ્યા વિનાના સંભળાવી દીધી. ટ્રસ્ટીઓમાં ભલમનસાઇ કે શિસ્તનો અભાવ

દેખાણો. એટલે વધારે વિનવણી કરવી ઠીક ના માનીને, મેં અહીં સુધી લાવનાર રામકૃષ્ણદેવ શું વ્યવસ્થા નહિ કરે ! એમ વિચારી સમાધાન કર્યું.

આગળ ચાલતાં રામકૃષ્ણદેવના ખંડમાં આવ્યો. એ ખંડ રામકૃષ્ણદેવ નિવાસ કરતા એવો ને એવો જ સાચવી રાખ્યો છે. તેમની બધીજ વસ્તુઓ તેમનો પલંગ, પાણીનું માટલું, વાસણ સઘળું સુરક્ષિત છે. ફક્ત તેમને બદલે દિવાલ ઉપર બે ફોટા છે–એક રામકૃષ્ણદેવનો ને બીજો શારદામાતાનો. મેં પ્રવેશતાંજ દેવને પ્રણામ કર્યા. કેટલો બધો શાંતિમય ખંડ ! શ્રીરામકૃષ્ણદેવની હયાતીના પ્રસંગો મનમાં તાજા થયા. તેના મૂક સાક્ષી સમો–આ ખંડ અને પતિત પાવની ગંગા બે એવા જ હયાત છે. પરંતુ તેમને વાચા નથી. નહિ તો કેટકેટલાં સંભારણાં સાંભળવા મળત !

એવા ભાવો સાથે જાણે મારા જ ઘરમાં ફરી રહ્યો હોઉં તેમ આનંદથી હું ખંડમાં ફરી રહ્યો. ત્યાં એક ભાઇ ગંગામાં સ્નાન કરી ભીનાં વસ્ત્રો સાથે દર્શને આવ્યા. તેમણે મને પ્રણામ કર્યા.

એ ભાઇનું નામ પુલિનબાબુ. તે પાસેના દક્ષિણેશ્વર ગામમાં રહેતા. અને સવારસાંજ પોતાની સ્ત્રી સાથે દર્શને આવતા. તેમના પિતાજીના વખતમાં રામકૃષ્ણદેવ કોઇ કોઇ વાર તેમને ત્યાં પધારતા. તેઓ રામકૃષ્ણદેવને જ ઇષ્ટ માનતા ને તેમનામાં અનન્ય શ્રદ્ધાભકિત રાખતા. તેમના સ્મરણ સિવાય બીજો કોઈ ધંધો કે નોકરી તેઓ છેલ્લાં દસ વર્ષથી કરતા નહિ–તેમના પત્ની પણ ભકત હતાં. તેમની સ્થિતિ ગરીબ હતી.

મારો પરિચય સાંભળી તે પ્રસન્ન થયા. તેમના કહેવાથી તેમના મિત્ર નેપાલબાબુએ મંદિરના પૂજારી અને દરવાનને સૂચના આપીને મારા રહેવાની વ્યવસ્થા કરાવી દીધી.

રામકૃષ્ણદેવના ખંડની બહાર બેસીને હું રામકૃષ્ણ ને



મા કાલી ઉપર ભજન લખીને પુલિનબાબુને તેમનાં પત્નીને અંગ્રેજીમાં સમજાવતો. ભજન લખતાં મારી આંખમાંથી અશ્રુપ્રવાહ વહ્યા કરતો. કેટલીક વાર પ્રેમનું એવું સખત રડવું આવતું કે મંદિરના પૂજારીઓ એકઠા થઇને વિસ્મય પામતા. અહીંના સ્થાનમાં આવીને મારા ભાવ ખૂબ વેગવાન ને તીવ્ર બની ગયેલા. પૂજારી સવાર સાંજ પગે લાગીને કહેતા કે તમારા દર્શનથી અમે પાવન થયા છીએ. ઈશ્વર માટેનો આવો પોકાર અને પ્રેમ અમે જોયા નથી. તે મને રામકૃષ્ણદેવનો ભોગ આપતા. સાંજે હું તે ખાઇને ચલાવી લેતો. સવારે પુલિનબાબુ તેમને ત્યાં જમવા લઇ જતા.

પુલિનબાબુના ઘરમાં હું જમવા માટે ગયો ને બેઠો કે તરત જ તેઓ બોલી ઊઠ્યા, 'પિતાજીના વખતમાં રામકૃષ્ણદેવ અહીં આવતા ત્યારે બરાબર એ જ જગ્યાએ બેસતા.'

પરમહંસદેવ પ્રત્યેનો એમનો પ્રેમ અપાર હતો. તેમની પૂજા–સેવા માટે અલગ ઓરડો રાખેલો, જ્યાં પતિ–પત્ની સાથે બેસી જપ-ધ્યાન કરતાં. આવાં દંપતીના મહેમાન બનવાથી મને અસાધારણ આનંદ થયો.

સાંજે મંદિરમાં પાછા આવીને રામકૃષ્ણદેવના ઓરડા પાસે બેસતાં મારું હૈયું હાથમાં નહોતું રહેતું. એમને પ્રકટ થવા માટે કરુણભાવે પ્રાર્થના કરતાં મને ખૂબ જોરથી રડવું આવતું. એમને પ્રકટ થઇ મને શાંતિ આપવા હું આર્દ્રભાવે પ્રાર્થતો.

હવે પોતાના હાથે બનાવેલ પંચવટી પાસેના નાના મકાનને ઓટલે હું રાત ગાળતો. મારો સૂવાનો નિયમ અતિશય અલ્પ હતો. વધારે ભાગે હું રાત્રિ દરમ્યાન બેસીને, ફરીને ને જપ ધ્યાન કરીને પસાર કરતો. વૃંદાવનથી લાવેલી રેતી પાથરેલી પંચવટીમાં રામકૃષ્ણદેવે સાધના કરેલી. એ જ સ્થાનમાં સાધના કરવાનો આનંદ કેવો અનેરો હોય ? દક્ષિણેશ્વરના દિવ્ય સ્થળની અસીમ શાંતિનો અનુભવ હું કરવા માંડ્યો. (ક્રમશઃ)

## પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીએ સંસ્થાપેલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહનું બાંધકામ અંબાજી ખાતે કરવાનો નિર્ણય થયો છે. વળી ત્યાં સાધકોને એકાંતવાસ માટે સાધના કુટીરોનું આયોજન પણ થશે.

વિશ્રામગૃહમાં એક ફરનીશ્ડ ઓરડાનો ખર્ચ રૂા. પચ્ચીસ હજાર અંદાજવામાં આવ્યો છે. જે ભાઇ બહેનો તેમાં એક ઓરડા પેટે વ્યક્તિગત કે સંયુક્ત રીતે મદદ મોકલાવવા માગતા હોય અથવા વિશ્રામગૃહના નિર્માણકાર્યમાં બીજી નાની છૂટક મદદ કરવા માંગતા હોય તેમણે તે મદદ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના નામના બેંક ડ્રાફ્ટથી કે રોકડ રકમથી કે મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલાવવા વિનંતી છે.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ
C/o શ્રી બાબુભાઈ વોરા,
૩૧, ગવમેંન્ટ સર્વન્ટસ સોસાયટી
નવરંગપુરા, અમદાવાદ ૩૮૦૦૦૯

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પછી મળેલી ટ્રસ્ટની બેઠકમાં આ કાર્ય સારી રીતે પૂર્ણ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની દોરવણી ને માર્ગદર્શન નીચે આ વિશ્રામગૃહના બાંધકામનું કાર્ય પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની ભાવના પ્રમાણે જલ્દીથી હાથ ધરાય તે માટે કાર્યવાહી ચાલી રહી છે.

પ. પૂ મહાત્માશ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પછી પણ પરદેશી તેમજ ભારતના સાધક ભાઈબહેનોએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને તેમજ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને આ કાર્ય માટે જે



રકમો મોકલી છે, તેની વિગત નીચે પ્રમાણે છેઃ-

૨૫૦૦૦ શ્રી સુરેશભાઇ મોહનલાલ શાહ, કેનેડા.
૨૫૦૦૦ શ્રી કરસનભાઇ ને સોનાબેન વતી તેમના પુત્ર શ્રી વિનોદભાઇ કે. પટેલ, નોર્થબર્ગ, અમેરિકા.
૨૫૦૦૦ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની પુણ્યસ્મૃતિ માટે એક ઓરડાની રકમ શ્રી વિનોદભાઇ કે. પટેલ, નોર્થબર્ગ તરફથી.
૨૫૦૦૦ શ્રીમતી રેવાબેન સીતારામ ભક્ત સામપુરાના સ્મરણાર્થે, સાન્ટા આનાના શ્રી ભગવાનભાઇ સીતારામ ભક્ત તરફથી.
૨૫૦૦૦ શ્રી પ્રભુભાઈ ડી. દેસાઇના સ્મરણાર્થે મીસીસીપી અમેરિકાના શ્રી સન્મુખભાઈ પી. દેસાઇ તરફથી.
૧૦,૦૦૦ શ્રી દિનેશભાઇ વી. ભક્તની સ્મૃતિમાં એક ઓરડાની રકમ પેટે પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત તરફથી.
૧૫૦૧ શ્રી ઈશ્વરભાઇ પ્રભુભાઈ ભક્ત, કપુરા.
૧૦૦૦ શ્રી મોહનભાઈ એલ. ભક્ત, કપુરા.
૧૦૦૧ શ્રી રમેશભાઈ નરસિંહભાઇ ભક્ત, કપુરા.
૧૦૦૧ શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ, ભાવનગર.
૧૦૦૧ શ્રી બાલુભાઇ રામજીભાઈ તથા વિમળાબેન બાલુભાઈ.
૫૦૧ શ્રીમતી હંસાબેન ત્રિભુવનદાસ પટેલ, વડોદરા.
૨૫૧ શ્રી રામભાઇ પી. પટેલ, શેલવાસા.
૯૮૪ છુટક સહાય. હા. મા શ્રી સર્વેશ્વરી.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પછી પણ જે જે સાધક ભાઇ બહેનોએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધા ભક્તિ ને વિશ્વાસ રાખી, દાનનો પ્રવાહ ચાલુ રાખ્યો છે, તે સહુ ખરેખર અભિનંદનના અધિકારી છે.

નોંધઃ—વિશ્રામગૃહનાં ટેન્ડરો માંગવામાં આવેલ તેની ચકાસણી ચાલી રહી છે. તે માટે એન્જીનિયરોની એક સલાહકાર બોડી નક્કી કરવામાં આવી છે.

## "અધ્યાત્મ ચાલશે જ."

આપણા સહુ વચ્ચેથી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી ૧૮મી માર્ચ, ૧૯૮૪ના દિને એકાએક લીલા સંવરણ કરી ગયા. એટલે તેઓએ પ્રસ્થાપેલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત "અધ્યાત્મ" માસિક ચાલશે કે કેમ ? એવી શંકા કેટલાકોના મનમાં થાય, એ સ્વાભાવિક છે.

પૂ.શ્રી અમારે મન વ્યક્તિ હતા, સાથે સાથે શક્તિ પણ હતા. ગુરુમાં કેવલ વ્યક્તિભાવ ધારણ કરનાર માણસોને તેઓના પાર્થિવ તનુની ખોટ અને ખાલીપો વરતાય. અમોને પણએ વરતાય છે, પણ અમારે મન અમારા ગુરુ એ કેવળ વ્યકિત નહિ, પણ સાધનાત્મક શકિતનું સાકાર સ્વરૂપ હતા. એવા ગુરુની શકિતમાં–સામર્થ્યમાં અમોને સંપૂર્ણ શ્રદ્ધા ભકિત છે. એટલે એમની એ વિરાટ શકિત એમણે આરંભેલ શુભ પ્રવૃત્તિ સ્વરૂપ અધ્યાત્મ માસિક જરૂરથી ચલાવશે જ એમાં અમોને શંકા નથી.

વળી આપણા સહુ વચ્ચે પ.પૂ.શ્રી જેમને જગદંબા સ્વરૂપે જોતા, તે ભગવતી સ્વરૂપા પ.પૂ.મા સર્વેશ્વરી છે. એમનું માર્ગદર્શન ને પ્રેરણા આ કાર્યમાં ખૂબ મદદરૂપ બની રહેશે, એમાં અમને કોઈ સંદેહ નથી.

તેમજ આ ઉપરાંત પ.પૂ.શ્રી તેમજ પૂ.માનો જે વિરાટ ગ્રાહક ને સાધકવર્ગ છે, તેઓ સર્વની સદ્ભાવના અમારી સાથે છે. પછી અમારે અધ્યાત્મ માટે કોઈ ચિંતા સેવવાનું કારણ નથી.

*———*



## અભિનંદનના અધિકારી

પ.પૂ.માશ્રી સર્વેશ્વરીએ નર્મદા મૈયાના તીરે મુરલી સંગમમાં પૂ.શ્રીનાં અસ્થિવિસર્જન પ્રસંગે કરનાળી તીર્થક્ષેત્રમાં યુવકોને પૂ.શ્રીનું કામ આગળ ધપાવવા કાર્યરત થવા અનુરોધ કરેલો. તેના પ્રત્યુત્તરરૂપે ચાર યુવકો આગળ આવેલા અને તેઓએ અધ્યાત્મના પોતા દ્વારા ઓછામાં ઓછા દસ ગ્રાહકો નોંધી આપવાની પ્રતિજ્ઞા જાહેરમાં કરેલી. પોતે જો આ ગ્રાહકો નહિ નોંધી શકે, તો તેના લવાજમના પૈસા પોતે ભરી આપશે; એમ પણ જણાવેલું. આ યુવકોનાં નામ આ પ્રમાણે છે.

શ્રી. અજય ના. જાની, શ્રી અજય જી. કલોલા, શ્રી અતુલ એમ. કોન્ટ્રાકટર અને શ્રી ભરત જીતુભાઇ ગાંધી.

આ ચાર યુવકોના સંકલ્પમાંથી પ્રેરણા લઈને શ્રીઅનિલભાઇ આર. પટેલ, શ્રી ભાવનાબેન ભાવસાર, અને કલ્પનાબેન જી. ગાંધી અને ગાયત્રી વિનુભાઇ જોષી (બધા વડોદરાના) એ દસ દસ ગ્રાહકો બનાવી દીધા છે. તેમજ એક આજીવન સભ્ય પણ બનાવવાના પ્રયત્ન કરી રહ્યા છે. આ સહુ અભિનંદનના અધિકારી છે.

શ્રી અજય કલોલાએ પોતાના તરફથી દસ ઉપરાંત ગ્રાહકો નોંધી દીધા છે, શ્રી અજય જાનીએ પાંચ નોંધ્યા છે, જ્યારે બાકીના ભાઇઓની પ્રવૃત્તિનો અહેવાલ આવ્યેથી રજૂ કરીશું.

અધ્યાત્મને સારી રીતે ચલાવવા અમારે આવા ભાવનાશાળી યુવાન ભાઇબહેનોના સહકારની જરૂર છે. અમને શ્રદ્ધા છે કે તે મળી રહેશે.

## ગંગામાં અસ્થિવિસર્જન

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીનાં અસ્થિનું વિસર્જન તેઓશ્રીએ જ્યાં રહી સાધના કરેલી તે હરદ્વાર, ઋષિકેશ ને દેવપ્રયાગનો અહેવાલ સ્થળ સંકોચને લીધે, આ પછીના અંકમાં મૂકીશું, તો વાંચકો અમને ક્ષમા કરે. -તંત્રી

*

## નવા નોંધાયેલ આજીવન સભ્ય

અધ્યાત્મના ગ્રાહકો ને વાંચકોમાંથી, આજીવન સભ્યો નોંધાતા જાય છે. છેલ્લે નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ-

૩૬૭ શ્રી બાલુભાઈ રામજીભાઇ પટેલ, (જામ્બુચા) ભાવનગર.
૩૬૮ શ્રી કનેજડા સાર્વજનિક પુસ્તકાલય, કનેજડા.
જિ. ભરૂચ.
૩૬૯ મેનેજરશ્રી, આર્ય નિવાસ, હરિદ્વાર. યુ. પી.
(ભાઇશ્રી પ્રભુદાસ હળવદિયા, મોરબી તરફથી)

*—*—*

વાસના, અભિમાન અને દેહત્વની ભાવનાનો જેટલો ત્યાગ કરશો તેટલો આનંદ તમને મળશે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦

## પ્રાતઃકાળનો એક કલાક

'દરરોજ નવો પ્રારંભ થાય છે. દર સવારે દુનિયા નવી જન્મે છે. હે દુઃખ અને પાપથી કંટાળેલા મનુષ્યો! જુઓ, જુઓ, તમારે તેમ જ મારે-દરેકને માટે આશાનું નવું કિરણ સ્ફુરે છે.'

'દરરોજ નવો પ્રારંભ થાય છે. હે મન! મધુર ગીત સાંભળ. અને ભૂતકાળનાં પાપો શોકના પ્રસંગો, ગૂંચવણ ભરેલા પ્રશ્નો આવનારી આપત્તિ-એ સર્વ ગમે તેટલું હોય તો પણ ધૈર્ય ધારણ કરી નવા દિવસની સાથે તું નવુંજ જીવન ગાળવા માંડ.'

પ્રાતઃકાળનો એક કલાક, અહા! એમાં કેટલું બધું ભવ્ય, ઉમદા અને શાશ્વત જીવનને અનુભવવાનું સામર્થ્ય રહેલું છે! માટે ભૂતકાળને ભૂલી જઈ અને ભવિષ્યનો વિચાર દૂર કરી દઈ એ કલાકથી નવું જીવન ગાળવાનો દૃઢ નિશ્ચય કરો તથા બીજા કલાક આવે નહિ ત્યાં સુધી એનો વિચાર સરખો પણ કરતા નહિ; કેમકે ઉચ્ચ ચરિત્ર રચવાનું અને ઉચ્ચ વિચારો તથા સંયોગોને આકર્ષવાનું ખાસ રહસ્ય અને બળ આ પ્રાતઃકાળના કલાકમાં જ વધારે રહેલું છે. મનુષ્યે કલ્પના કરી હોય એવી ઉમદામાં ઉમદા જિંદગી આ સવારનો સદુપયોગ કરવાથી બનાવી શકાય તેમ છે; કારણકે એવી એક પણ ભવ્ય વસ્તુ કે સ્થિતિ આ વિશ્વમાં નથી કે જેના તરફ સતત પ્રયાણ કરનાર તેનાથી વંચિત રહી શકે.

(પ્રભુમય જીવન)

# જે ધારો તે કરી શકો તેમ છો

માણસને પોતાની અંદરની સુષુપ્ત શક્તિનું ભાન નથી. પોતાની અંદર શક્તિનો જે અખૂટ ખજાનો પડેલો છે તેનો ખ્યાલ નથી, તેને લીધે તેની અંદર નિર્બળતા ને નિરાશાની લાગણી પેદા થાય છે ને કાયમ માટે ઘર કરી જાય છે. યોગના સાધકને માટે એવી લાગણી નુકસાનકારક છે. તેથી સૌથી પહેલાં તો મનને ઉત્તમ ભાવના. વિચાર, આશા તથા મહત્ત્વાકાંક્ષાથી ભરપૂર બનાવવાની જરૂર છે. સાધકોને આપણે એ માટે ભલામણ કરીશું કે તમારા આદર્શ ને તમારી મહત્ત્વાકાંક્ષાને સદા ઉત્તમ રાખો : વિશાળ રાખો : ને તેની સીમાને હાથે કરીને નાની અથવા તો સાંકડી ના કરી દો. વિકાસની ઉત્તમમાં ઉત્તમ કક્ષાએ પહોંચવાની ને છેલ્લામાં છેલ્લી અવસ્થાએ આસીન થવાની ભાવનામાં સદા સ્નાન કરો. તે ભાવનાને પ્રત્યક્ષ કરવા ગણતરીપૂર્વક પુરુષાર્થ કરો. તો તમારે માટે સાધનાની સફળતાની વાત સહેલી બની જશે.

તમે આત્મા છો–પરમાત્માના પ્રતિનિધિ છો, પરમાત્માનો પાવન પ્રકાશ તમારી અંદર અને રોમરોમમાં રમી રહ્યો છે, તેની જ શક્તિ, સ્ફુર્તિ ને પ્રેરણા તમારી અંદર કામ કરે છે ને તમને જીવન આપે છે; એ વાતને સદા યાદ રાખો કે તમે શુદ્ધ છો, બુદ્ધ છો, મુક્ત છો, નિત્ય નિરંજન ને નિર્મળ છો, ને જે ધારો તે કરી શકો તેમ છો...

યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨